Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



પ્રત્યેક દિવસ, પ્રત્યેક પળ
એક નવા સમર્પણ માટેની
એક પૂર્ણ સમર્પણ માટેની
તક રૂપ બની રહેવા જોઈએ.

પુસ્તક : ૮૫ પોષ આત્મ સંવત ૯૩
અંક : ૩ જાન્યુઆરી વીર સંવત ૨૫૧૩
૧૯૮૮ વિક્રમ સંવત ૨૦૪૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ટ |
|---|---|---|---|
| (૧) | હે પરમ પ્રભુ | — | ૨૯ |
| (૨) | ૪ જીવન સાર્થકચનો સરળ ઉપાય | હિન્દી : શ્રી વલ્લભસૂરિશ્વરજી મ. સા.<br>ગુજરાતી : ડૉ. શ્રી કુમારપાઈ દેસાઈ | ૩૦ |
| (૩) | ક્ષમાશીલ શિવા | પ્રા. શ્રી અરુણ જોષી | ૪૦ |
| (૪) | જૈનધર્મમાં લેશ્યા | શ્રી હરેશ અરુણભાઈ જોષી | ૪૧ |
| (૫) | દ્વાદશાર નયચક્ર | — | ૪૩ |
| (૬) | જૈનદર્શનમાં નય | લે. જીતેન્દ્ર જેટલી | ૪૫ |



આ સભાના નવા આજીવન સભ્ય

## શ્રીમતી અંજનાબેન બાબુલાલ શાહ-ભાવનગર

# સમાચાર

**માન્યવર સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,**

સહર્ષ જણાવવાનું કે સંવત ૨૦૪૪ના મહા વદ ૪ ને રવિવાર તાઃ ૭-૨-૮૮ના રોજ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર યાત્રા કરવા જવાનું છે. નીચેના સદ્ગૃહસ્થો તરફથી ગુરૂભક્તિ તેમજ સ્વામી ભક્તિ કરવામાં આવશે.

૧. શ્રી વનમાળીદાસ ગોરધનદાસ સહપરિવાર.
૨. શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત તથા હસુમતીબેન પોપટલાલ સલોત.
૩. શ્રી ખીમચંદ પરશોત્તમ બારદાનવાળા તથા તેમના ધર્મપત્ની હરકોરબેન જેરાજભાઈ.
૪. સ્વ. હઠીચંદ ઝવેરચંદના ધર્મપત્ની સ્વ. હેમકુંવરબેન હ. ભુપતરાય નાથાલાલ.
૫. સલોત કાન્તીલાલ રતીલાલની સુપુત્રી કુમારી વનિતાબેન કાન્તીલાલ સલોત.

આપશ્રીને મહા વદ ત્રીજ ને સાંજે પાલીતાણા પધારવા આમંત્રણ છે.

**તા. ક.** : આ આમંત્રણ ફક્ત મેમ્બરો માટે જ છે. કોઇ મેમ્બર સાથે ગેસ્ટ હશે તો તેની એક ગેસ્ટની ફી રૂા. ૧૫-૦૦ લેવાનું નક્કી કરેલ છે.

## ભાવનગરમાં શ્રી તત્ત્વાર્થ સૂત્રની પરીક્ષા

ભારતીય સંસ્કૃતિ વિદ્યાપીઠની છઠ્ઠી પરીક્ષા 'પારંગત'ના ત્રણે વર્ષમાં અન્ય ગ્રન્થો સાથે 'તત્ત્વાર્થ સૂત્ર' રાખવામાં આવેલ છે.


અભ્યાસ માટેનું સ્થળ : પંડિત કુટિર, સોલ્ટ રીસર્ચ હોલોની સામે-સંસ્કૃત ભાષા ભવન.

આ વર્ગનું સંચાલન પં. શ્રી નર્મદાશંકર શાસ્ત્રી કરે છે.

અભ્યાસુએ પ્રો. નર્મદાશંકર શાસ્ત્રી, ઠે. કોમર્સ કોલેજ સામે, ભાવનગરને મળવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




માનદ્ તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૫] ● વિ. સં. ૨૦૪૪ : પોષ જાન્યુઆરી-૧૯૮૮ ● [અંક : ૩

## પ્રાર્થના

## હે પરમ પ્રભુ

અમારા વિચારોને ઉદાર કરો કે બીજા માણસનું દૃષ્ટિબિંદુ અમે સમજી શકીએ.

અમારી લાગણીઓને એટલી મુક્ત કરો કે બીજાઓ પ્રત્યે અમે તેને વહાવી શકીએ,

અમારા મનને એટલું સંવેદનશીલ કરો કે બીજાઓ ક્યાં ઘવાય છે તે અમે જોઈ શકીએ.

અમારા હૃદયને એટલું ખુલ્લું કરો કે બીજાઓનો પ્રેમ અમે ઝીલી શકીએ.

અમારા ચિત્તને એટલું વિશાળ કરો કે પોતાનાને પારકાના ભેદથી ઉપર ઊઠી શકીએ.

'પરમ સમીપે'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૪ જીવન-સાર્થક્યનો સરળ ઉપાય

હિન્દીમાં પ્રવચનકાર : પૂ. શ્રી વલ્લભસૂરિશ્વરજી મ. સા.
ગુજરાતી રૂપાન્તરકાર : ડૉ. શ્રી કુમારપાળ દેસાઈ

## સુપાત્રદાન : લક્ષણ અને મહત્ત્વ

જૈન શાસ્ત્રમાં પાંચ પ્રકારના દાન બતાવ્યા છે. એમાં અભયદાન પછી બીજું આવે છે સુપાત્રદાન. યોગ્ય કે ઉત્તમ પાત્રને દાન આપવું એ સુપાત્રદાન કહેવાય.

સુપાત્રની વ્યાખ્યા શાસ્ત્રકારો આ પ્રમાણે કરે છે —

**'सु शोभनं पात्रं स्थानं ज्ञान-दर्शन-चारित्र-तपः-क्षमा-शमशील-दया-संयमादीनां गुणानाम् । यद्वा सु अतिशयेन पापात् त्रायते इति सुपात्रम् ।'**

'જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, ક્ષમા, શમ, શીલ, દયા અને સંયમ જેવા ગુણોનું જેઓ યોગ્ય સ્થાન છે તે સુપાત્ર છે અથવા જે સારી રીતે પાપથી પોતાની રક્ષા કરે છે તે સુપાત્ર કહેવાય.'

'पाकारेणोच्यते पापं प्रकारस्त्राणवाचकः ।
अक्षरद्वयसंयोगे पात्रमाहुर्मनीषिणः ॥'

''પા' પાપવાચક છે અને 'ત્ર' ત્રાણ (રક્ષણ) વાચક છે. આ બંને (પા + ત્ર) અક્ષરોનો સંયોગ થાય તેને મનીષિઓ 'પાત્ર' કહે છે.'

હકીકતમાં સુપાત્ર એ હોય છે કે જેનામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર જેવાં ઉત્તમોત્તમ ગુણો હોય અથવા તો જે પાપોથી પોતાના આત્માની રક્ષા કરતો હોય. જ્યાંથી પાપકર્મો આવવાની સંભાવના હોય ત્યાંથી એ પોતાની જાતને બચાવી લેતો હોય. આનો બીજો અર્થ એ પણ થઈ શકે કે જે પાપમાં પડેલી સમાજની વ્યક્તિઓને ધર્મની પ્રેરણા, ઉપદેશ અને માર્ગદર્શન આપીને પાપમાંથી ઊગારી લે. આવા સુપાત્રને અપાયેલું દાન જ સુપાત્રદાન કહેવાય. સુપાત્રદાન મોક્ષપ્રાપ્તિ કરાવનારું છે અને ઓછામાં ઓછું સુગતિમાં લઈ જનારું છે. આથી જ 'દશવૈકાલિક સૂત્ર'માં કહ્યું છે—

"दुल्लहोओ मुहादाई, मुहाजीवी वि दुल्लहा।
मुहादाई मुहाजीवी दोवि गच्छंति सुगई ॥"

"આ જગતમાં નિઃસ્વાર્થ દાતા અને નિઃસ્વાર્થ જીવન જીવનાર વ્યક્તિ બંને દુર્લભ છે. આ પ્રકારના બંને સુગતિ પામે છે."

શાલિભદ્ર પૂર્વજન્મમાં સંગમ નામનો ગોવાળ હતો. એણે પોતાની દરિદ્રાવસ્થામાં પણ આકરી મહેનતને અંતે મળેલી ખીર એક ઉત્તમ પાત્ર (નિઃસ્વાર્થજીવી) સાધુને ઉત્કટ ભાવથી આપી હતી. આના ફળરૂપે એનો પછીનો જન્મ ગોભદ્ર શેઠના પુત્ર શાલિભદ્ર રૂપે થાય છે. આવું છે સુપાત્રદાનનું મહાફળ. ભગવદ્‌ગીતામાં આને સાત્ત્વિક દાન કહેવાય છે—

'दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥'

'દેશકાળ અને પાત્ર જોઈ ને પોતાના અનુપકારીને પણ કર્તવ્ય સમજીને દાન આપવામાં આવે એ સાત્ત્વિક દાન કહેવાય છે.

ત્રણ પ્રકારના સુપાત્ર હોય છે. ઉત્તમ સુપાત્ર,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મધ્યમ સુપાત્ર અને જઘન્ય સુપાત્ર. ઉત્તમ સુપાત્ર સાધુ સાધ્વી છે. મધ્યમ સુપાત્ર વ્રતધારી શ્રાવક અને શ્રાવિકા છે અને જઘન્ય સુપાત્ર સમ્યક્ત્વી અથવા માર્ગાનુસારી સહધર્મી ભાઈ-બહેનો છે. આ ત્રણ જ સુપાત્ર કહેવાય. શાસ્ત્રકારોએ ઉત્તમ સુપાત્રને રત્નના પાત્રની ઉપમા આપી છે મધ્યમ સુપાત્રને સુવર્ણના પાત્રની અને જઘન્ય સુપાત્રને કાંસાના પાત્રની ઉપમા આપી છે. આ ત્રણ પ્રકારના સુપાત્રોને યથાયોગ્ય દાન આપવું તે જ સુપાત્ર દાન કહેવાય. સુપાત્રને અપાયેલું દાન સુફળ લાવે છે. જેવી રીતે છીપમાં સ્વાતિનક્ષત્ર સમયે વરસાદના ટીપાં પડતા મનોહર મોતી બની જાય છે. આ કારણથી જ સુપાત્ર દાનને શાસ્ત્રકારોએ અત્યંત દુર્લભ બતાવ્યું છે. એમા એમ કહેવાયું છે કે—

**'केसिं च होइ पित्तं चित्तं केसिंवि उभयमन्नेसिं ।**
**चित्तं वित्तं च पत्तं च तिन्नि लभंति पुण्हेहिं ॥'**

'કેટલાંક લોકોની પાસે સંપત્તિ હોય છે, પરંતુ હૃદયની વિશાળતા હોતી નથી. કેટલાકનું દિલ વિશાળ હોય છે, પરંતુ તેમની પાસે યોગ્ય પ્રમાણમાં ધન કે સાધન હોતા નથી. કેટલાંકની પાસે ધન અને સુંદર હૃદય બંને હોય છે, પરંતુ તેમને દાનને યોગ્ય સુપાત્ર મળતું નથી. આથી પર્યાપ્ત ધન, ઉદાર હૃદય અને સુપાત્ર આ ત્રણેયનો ત્રિવેણીસંગમ પ્રબળ પુણ્યથી જ પ્રાપ્ત થાય છે.'

ન્યાય, નીતિ અને શુદ્ધ સાધનોથી મેળવેલું ધન કે સાધન જ યોગ્ય પાત્રને આપી શકાય. અન્યાય, અનીતિ કે ચોરીથી મેળવેલી સંપત્તિ ક્યારેય સુપાત્ર દાન પામતી નથી. કારણકે આવા અશુદ્ધ ધન સાથે બુદ્ધિ પણ કલુષિત થઇ જાય છે. આવું ધન વિલાસિતા, ફેશન, અદાલતી તકરાર, બિમારી જેવા વ્યર્થ કાર્યોમાં ખર્ચાઈ જાય છે. આથી જ કહ્યું છે—

**"काले पात्रे तथा देशे धनं न्यायागतं तथा।**
**यद्दत्तं ब्राह्मणश्रेष्ठास्तदनन्तं प्रकीर्तितम् ॥"**

"હે વિપ્રવરો! જે ધન ન્યાયોપાર્જિત હોય અને યોગ્ય દેશ, કાળ અને પાત્રને આપવામાં આવે તે જ દાન અનંત કહેવાય છે."

સુપાત્રદાન માટે દાતાને પણ સુપાત્ર બનવું પડે છે. જો દાતા યોગ્ય ગુણવાન-સુપાત્ર-હોય નહિ તો એનું દાન સુપાત્રદાન કહેવાય નહિ. આથી જ તીર્થંકરોએ પહેલાં પોતાને સુપાત્ર બનાવીને જ સુપાત્રોને પ્રાયઃ દાન આપ્યું છે. જેના ફળસ્વરૂપે તેઓ તીર્થંકર પદની પ્રાપ્તિ કરી શક્યા અને મુક્તિ મેળવી શક્યા.

## સુપાત્રદાનના અધિકારી

અગાઉ કહ્યા પ્રમાણે માત્ર સાધુ, સાધ્વી કે સંન્યાસી જ સુપાત્રદાનના અધિકારી નથી. બલ્કે વ્રતબદ્ધ સમાજસેવક અથવા તો સદ્‌ગૃહસ્થ કે નીતિનિષ્ઠ વ્યક્તિ પણ તથા એવી સંસ્થાઓ પણ સુપાત્રદાનને યોગ્ય છે. કેટલીક વ્યક્તિઓ પોતાના ધર્મ, સંપ્રદાય, જાતિ, કે કોમનું જેના પર લેબલ લગાડેલ હોય એને જ કે એવી સંસ્થાઓને સુપાત્રદાનને યોગ્ય ગણે છે, પરંતુ આ એક મોટી ભ્રમણા છે. સુપાત્રદાનમાં સંપ્રદાય, પંથ, જાતિ, કોમ કે રાજ્યની સંકુચિત દિવાલો રચવી જોઇએ નહિ. આવી સંકુચિતતાને કારણે દાન સુપાત્ર થવાને બદલે સંપ્રદાય વગેરેની સંકુચિતતા નીમિત્ત બની જશે. કેટલાંક લોકો એવી ભ્રાંતિનો શિકાર બની ગયા છે કે સાધુ-સાધ્વી સિવાય અને તેમાં પણ અમારા જ પંથના અને અમે માનીએ છીએ તે જ સાધુવર્ગ સિવાય બીજા બધા કુપાત્ર છે. અને કોઈ ગૃહસ્થ તો સુપાત્ર હોઈ શકે જ નહિ. પરંતુ આ તો સંકીર્ણ સાંપ્રદાયિકતાના ફેલાયેલા ઝેરનું પરિણામ છે. આવી સંકીર્ણવૃત્તિના લોકો પોતાના જ સાધુવર્ગને સુપાત્ર ગણાવી અને હૃદયની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુદારતાને ધર્મ સંપ્રદાયોના વચનથી ઢાંકી દઇને એને જ સુપાત્ર ગણે છે. વાસ્તવમાં તીર્થંકરોની દૃષ્ટિ એવી સંકીર્ણ નથી કે એમણે સાધુવર્ગ સિવાય કોઇ પણ ગૃહસ્થને સુપાત્ર નહિ ગણીને દાન આપ્યું ન હોય. એમણે તો પોતાના ગૃહસ્થવર્ગ ઉપરાંત સમસ્ત જગતના સુપાત્ર ગૃહસ્થોને દાન આપ્યું છે.

કેટલાંક લોકો ઉત્કૃષ્ટ સુપાત્ર એટલે કે ફક્ત સાધુવર્ગને જ દાન દેવાનું વિચારે છે. પરંતુ સાધુવર્ગનો સુયોગ સહુને સદાકાળ મળતો નથી કારણ કે સાધુવર્ગ તો અપ્રતિબદ્ધવિહારી હોવાને કારણે વિચરણ કરતાં હોય છે તેઓ જે સ્થળે ચાતુર્માસ કરે એ નગર કે ગામને જ એનો લાભ મળે છે. આથી કોઈ પણ સુપાત્ર મળે અથવા પાત્ર મળે તો એને દાન આપવાનું ચૂકવું નહીં. દીન, દુઃખી, પીડિત, સંકટગ્રસ્ત કે ભૂખ્યા માનવીઓ–આ બધા જ અનુકંપા પાત્ર છે. એમને યથાશક્તિ દાન આપીને અથવા તો ઓછામાં ઓછું વાણી દ્વારા પણ આશ્વાસન આપીને દાનની ધારા અખંડ વહેતી રાખવી જોઇએ. જે ઘરમાંથી આવો અખંડ દાનપ્રવાહ વહે છે ત્યાં ક્યારેક ઉત્કૃષ્ટ અને મધ્યમ સુપાત્રનો સંયોગ થઇ જાય છે.

એક રાજા હતો. એકવાર એની હથેળીમાં ઝેરી ગૂંમડું થયું. આને માટે બધા જ ઉપાય અજમાવી જોયા, પરંતુ રોગ મટ્યો નહિ બલ્કે એના જાનનું જોખમ ઊભું થયુ રાજાએ કોઇ અનુભવી વૈદ્યને પૂછ્યું. વૈદ્યે કહ્યું,

"જો રાજહંસ આવીને તમારા ઝેરી ગૂંમડા પર ચાંચ મારે તો એ ફુટી જશે અને તમે સ્વસ્થ થઈ જશો."

સવાલ એ હતો કે માનસરોવરમાં રહેનારા રાજહંસને લાવવો ક્યાંથી? મંત્રી બુદ્ધિશાળી હતો તેથી એણે વિચાર્યું કે રાજાને ત્યાં રોજ પક્ષીઓને દાણા નાખવામાં આવે છે, જો એ દાણાની સાથે મોતી નાખવામાં આવે તો કવચિત્ ઘૂમતા ઘૂમતા રાજહંસ પણ પોતાના ખોરાક માટે પક્ષીઓની સાથે અહીં આવી પહોંચે. જો મોતી નાખવાથી રાજહંસ આવે તો રાજાએ છતના કાણામાં હથેળી ટેકવી દેવી અને રાજહંસ મોતીના ભ્રમમાં ગૂમડાને પણ ચાંચ મારશે. આમ કરવાથી રાજાનું ઝેરી ગૂંમડું ફુટી જશે.

મંત્રીની યુક્તિ મુજબ સઘળી વ્યવસ્થા કરવામાં આવી. રાજા છતના કાણામાં પોતાની હથેળી ટેકવીને ઊભો અને છત પર સફેદ જુવારના દાણાની સાથે મોતી પણ વિખેરી દીધા હતા. એક દિવસ બીજા પક્ષીઓની સાથે રાજહંસ પણ અહીં આવી ચડયો. બીજા મોતીઓની સાથે રાજાની હથેળીમાં થયેલા નાનકડા સફેદ ગૂંમડાને મોતી માનીને જ રાજહંસે ચાંચ મારી. જેનાથી રાજાનું ગૂમડું ફુટી ગયું અને એની વેદના ઓછી થઈ.

રાજહંસની માફક સાધુસાધ્વી રૂપી ઉત્કૃષ્ટ સુપાત્રનો લાભ ત્યારે જ થાય કે જ્યારે વ્યક્તિ પોતાના ઘરમાં મધ્યમ અને જઘન્ય સુપાત્રો અને કરુણાયોગ્ય પાત્રોને નિરંતર દાન આપતો હોય જેવી રીતે અન્ય પક્ષીઓ સાથે રાજહંસ રાજાને ત્યાં આવી પહોંચ્યા. એવી જ રીતે અન્ય સુપાત્ર કે પાત્રોની સાથે રાજહંસ સમાન ઉત્કૃષ્ટ સુપાત્ર પણ ક્યારેક તો અવશ્ય આવશે જ અને ગૃહસ્થનું દ્વાર ખુલ્લું હોવાથી સાધુવર્ગ રૂપી રાજહંસ એમના મોહ મમત્વરૂપી ગૂમડાને ફોડવા માટે પણ નિમિત્ત બની શકે છે. 'મનુસ્મૃતિ'માં દર્શાવ્યું છે કે ગૃહસ્થના ઘરમાં પાંચ બાબતને કારણે પ્રતિદિન ઓછા કે વધતા રૂપમાં આરંભ-સમારંભજન્ય હિંસા થતી રહેતી હોય છે. આ પાંચ ચીજો આ પ્રમાણે છે—

૧. કંડની–અનાજ વગેરેને છડવાની કે કોઇ પણ ચીજ ખાંડવાની ક્રિયા ગૃહસ્થના ઘરમાં થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨. પેષણી લોટ વગેરે દળવાની ક્રિયા ગૃહસ્થના ઘરમાં થાય છે. આજે તો ઘંટી હોવાથી ઘરમાં અનાજ દળવાનું એછું થઇ ગયું છે. આમ છતાં બહાર અનાજ દળાવવાથી વ્યક્તિ આરંભજન્ય હિંસાનો ભાગી થાય છે.

૩. ચુલ્લી-ગૃહસ્થના ઘરમાં ચુલા વિના તો કામ ચાલી શકે જ નહિ. આજ-કાલ ઘણા લોકો હોટલમાં જઈને ભોજન કરી આવે છે, પરંતુ જેને ત્યાં ચૂલો ગરમ રહેતો હોય એને જ દાનનો લાભ મળે છે. હોટલમાં જમનારને ન તો દાનનો લાભ મળે છે કે ન કૌટુંબિક પ્રેમ મળે છે. એને શિરે તો કેવળ આરંભજન્ય હિંસા જ રહે છે.

૪. ઉદકુંભી-પાણિયારા પર માટીનો ઘડો કે વાસણ રાખવામાં આવતા હોવાથી એમાં ઘણા જીવજંતુ પેદા થાય છે. કયારેક અસાવધાનીથી કચડાઇ જાય છે. આજકાલ નળના પાણીથી વ્યક્તિ પોતાની તરસ છીપાવે છે, પરંતુ ઘડામાં રાખેલા પાણીથી કોઈ તરસ્યાના તરસ છીપાવવાનો લાભ મળી શકે છે. નળના પાણીનો ઉપયોગ કરનારને આવો લાભ મળતો નથી. વળી નળમાંથી સીધેસીધું પાણી પીવાને કારણે હિંસા ઉપરાંત અન્ય રોગો થવાની શકયતા રહે છે.

૫. માર્જની-ઘરની સ્વચ્છતા માટે ઘરમાં ઝાપટવું, વાળવું કે પોતા કરવા પડે છે તેમ જ વાસણો માજવા પડે છે. જો આવી સફાઇ પ્રતિદિન કરવામાં આવે નહિ તો ઘરમાં જીવજંતુઓ વધી જાય છે અને આવા ઘરમાં કોઈ સભ્ય કે સુપાત્ર વ્યક્તિ જવાની કે રહેવાની ઇચ્છા રાખતો નથી. ઘરમાં સફાઇ થાય તો જ એ કયારેક સુપાત્રને પોતાના ઘેર રાખી શકે છે.

ગૃહસ્થના ઘરમાં આ પાંચ બાબતોની આરંભની (અનિવાર્ય) હિંસા થતી હોય છે. પરંતુ આ પાંચ વસ્તુઓ દ્વારા એ જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ પાત્ર અથવા તો સુપાત્ર તેમ જ અતિથિ વગેરેને ભોજન, પાણી, મકાન, વસ્ત્ર આદિ આપવાનો લાભ મેળવી શકે છે. આ રીતે નિઃસ્વાર્થ કે ઉત્કટ ભાવનાથી યોગ્ય પાત્રને દાન અપાતું હોવાથી ધર્મનો લાભ થાય છે અને પરિણામે એનાથી આ હિંસાજન્ય કર્મો હળવા બને છે.

## અનુકંપાદાન : સ્વરૂપ અને મહત્વ

દાનનો ત્રીજો પ્રકાર છે અનુકંપાદાન. આ દાન પણ જાતિ, કુળ, ધર્મ, સંપ્રદાય, રાજ્ય કે રાષ્ટ્રના ભેદ રાખ્યા સિવાય આપવામાં આવે તો તે સફળ થાય છે અને યોગ્ય લાભ પહોંચાડે છે. આ દાનને કરુણાદાન, દયાદાન કે સહાનુભૂતિદાન પણ કહી શકાય. કોઈ માનવી કે પ્રાણીને આફત, સંકટ કે દુઃખમાં જોઈને આપણા હૃદયમાં એ મુજબનું કંપન થાય, સહાનુભૂતિ પેદા થાય અને કરુણા પેદા થાય. વળી બીજાના દુઃખને પોતાનું દુઃખ સમજીને એના દુઃખ નિવારણ માટે દાન આપવું તે પણ અનુકંપાદાન કહેવાય છે. દુઃખી, ગરીબ, રોગી, સંગટગ્રસ્ત અન્યાય કે અભાવથી પીડિત કોઇ વ્યક્તિ અથવા તો સંસ્થાને દાન આપવામાં આવે તો તે અનુકંપાદાન કહેવાય છે.

તમારા હૃદયમાં કોઈ દુઃખી, દીન, અનાથ, અસહાય કે અભાવગ્રસ્ત વ્યક્તિ અથવા તો સંસ્થાને જોઇને તત્કાળ કરુણા જાગે નહિ, આંખોમાંથી સહાનુભૂતિના આંસુ ઉભરાઈ આવે નહિ, હૃદય દયાર્દ્ર બને નહિ અથવા તો તમારા મનના કોઈ ખૂણામાં સહેજે કંપન ન થાય અને તેમ છતાં કોઇ સ્વાર્થ, નામના, પ્રતિષ્ઠા, વાહ વાહ, કે અન્ય અનુચિત લાભ લેવાની દૃષ્ટિએ દાન આપો અથવા તો એના પર ઉપકારનો બોજ લાદીને તમારા અહંકારનું પોષણ કરવા માટે દાન આપો તો તે દાન અનુકંપાદાનની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કક્ષામાં આવશે નહિ. આવી રીતે દાન આપવાથી તમારા હૃદયકુંડમાં અનુકંપા કે કરુણાના જળ ઉભરાશે નહિ. તમારા હૃદયમાં સંકુચિતતાનો અંધકાર છવાયેલો રહેશે અને તેમાં ઉદારતાનો પ્રકાશ નહિ આવે. કારણ કે કોઈ દુઃખી કે પીડિતને જોઈને અનુકંપા, કરુણા અથવા તો દયા આવવી અને એ કરુણા જેવા ભાવોને સક્રિય અને સાકાર બનાવવા માટે એ ભાવો સાથે ઓતપ્રોત થઇને દાન આપવાની કલા શીખવી જોઈએ. તો જ તમારા જીવનમાં આ સદ્‌ગુણનો વિકાસ થઇ શકે અને તમારા પરિવાર તથા સમાજમાં આ સંસ્કાર વિસ્તરી શકે કોઈ સમૃદ્ધ, સત્તાધારી, ધનાઢય કે સાધન સંપન્નને તમારી સહાયતા કે દાનની કશી જરૂર હોતી નથી બલ્કે એને દાન આપવાથી તો દાનનો દુરુપયોગ થાય છે. આ પ્રકારની વ્યક્તિઓને દાન આપવાથી એમનામ કરુણા, અનુકંપા, દયા, ઉદારતા અને આત્મીયતાનો ગુણ વિકસશે નહિ અને સાથોસાથ પુણ્યોપાર્જન પણ થશે નહિ. આથી જ કહેવાયુ છે—

'वृथा वृष्टिः समुद्रेषु वृथा तृप्तेषु भोजनम् ।
वृथा दानं समर्थस्य, वृथा दीपो दिवापि च ॥'

'સમુદ્ર અગાધ પાણીથી ભરેલો હોય છે. તેથી ત્યાં વરસાદ નિરર્થક છે. જેણે અતિ ભોજન કર્યું છે એને ભોજન કરાવવું વ્યર્થ છે. દિવસે સૂર્યનો પ્રકાશ હોવાથી દીપક પેટાવવો પણ વૃથા છે. નિરોગીને દવા આપવી એ પણ વ્યર્થ છે. આ જ રીતે જે ધન-સાધન આદિથી સમર્થ છે તેને દાન આપવું વ્યર્થ છે.'

રણભૂમિમાં વરસાદ સાર્થક છે. ભૂખ્યો હોય એને ભોજન કરાવવું સાર્થક છે એ જ રીતે જે દીન, દુઃખી, પીડિત અને ભૂખ્યો છે એને દાન આપવું સાર્થક ગણાય. વાસ્તવિક સમ્યક્‌દૃષ્ટિ પણ આ જ છે કે જેનુ હૃદય દીનદુઃખીને જોઇને અનુકંપાથી ઉભરાઈ ઊઠે અને જેનો હાથ એમને દાન આપીને એમની મુશ્કેલીઓના નિવારણ માટે તત્પર થાય.

અનુકંપાદાન પણ દેશ, કાળ અને પાત્રને જોઇને આવશ્યકતા અનુસાર ભાવનાથી આપવામાં આવે તો તે સાત્ત્વિક દાન છે, પરંતુ જો એમાં અવિવેક કે અન્યથા ભાવ જાગે તો ભગવદ્‌ગીતાના કહેવા પ્રમાણે એ રાજસ કે તામસ દાન થઈ જશે—

'यत्तु प्रत्युपकारार्थ फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम् ॥
अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥'

'બદલાની ભાવનાથી, ફળની આકાંક્ષાથી કે સ્વાર્થપૂર્તિની દૃષ્ટિથી અથવા તો ચિત્તમાં કલેશ રાખીને જે દાન આપવામાં આવે છે તે રાજસ-દાન કહેવાય છે. એ જ રીતે જે દાન દેશકાળ જોયા વિના કુપાત્રને આપવામાં આવે છે અથવા તો અનાદર કે અવજ્ઞાના ભાવથી આપવામાં આવે છે તે તામસ-દાન કહેવાય છે.

જેના હૃદયમાં થોડી અનુકંપા કે કરુણા હોય પણ તેની સાથે ઉપરના દૂષિત ભાવો ભરેલા હોય કે પછી અનુકંપા કે કરુણાનો માત્ર દંભ હોય અને એની નીચે ઉપરના દૂષણો છુપાયા હોય ત્યાં આ દાન બાહ્ય રીતે અનુકંપાદાન હોવા છતાં અંતર્ગત રીતે રાજસ કે તામસ દાન કહેવાય.

એકવાર ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર કલકત્તા શહેરના એક માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. ચાલતાં ચાલતાં એમની નજર એક ગમગીન માનવી પર પડી. એને જોતાં એમ લાગતુ હતું કે જાણે આપત્તિનો એના પર પહાડ તુટી પડયો ન હોય! વિદ્યાસાગર આવા અનુકંપા પાત્રોની સતત શોધમાં જ રહેતા હતા. એમણે એ માનવીને ઊભો રાખીને પૂછયું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"અરે ભાઈ! શું થયું છે તને? આટલો બધો દુઃખી શાને? જો તારી મુશ્કેલી મને કહી શકે એમ હોય તો મને કહે."

પેલો માનવી સ્તબ્ધ બનીને આ સાંભળી રહ્યો. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે ફરી વાર આશ્વાસન આપીને પૂછ્યું. એને થોડી હિંમત બંધાઈ. એ બોલ્યો.

"હું ગરીબ બ્રાહ્મણ છું. મારી પુત્રીના લગ્ન માટે મહાજન પાસેથી દેવું કરીને થોડા રૂપિયા લીધા હતા. પણ હજી સુધી એ હું ચૂકવી શકયો નથી તેથી મહાજને મને નોટિસ આપી છે. પરમદિવસે મુકદ્દમાની તારીખ છે. શું કરવું એ મને સમજાતું નથી. કઈ રીતે એના રૂપિયા હું ભરી શકીશ?"

વિદ્યાસાગરે એને આશ્વાસન આપ્યું અને સમભાવથી પૂછયું, "કેટલા રૂપિયા આપવાના છે?"

પેલા માણસે કહ્યુ, "વ્યાજ સહિત ૨૮૦૦ રૂપિયા ચૂકવવાના છે.

આ સાંભળી વિદ્યાસાગરે બ્રાહ્મણને કહ્યું, "ગભરાઇશ નહિ. ઈશ્વર પર ભરોસો રાખ. સહુ સારા વાના થશે. મને તારું નામઠામ આપ."

ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરે એનું સરનામું નોંધી લીધું અને ચાલવા લાગ્યા. ત્રીજે દિવસે બ્રાહ્મણ અદાલતમાં પહોંચ્યો તો એને ખબર પડી કે એની સામેનો કેસ પાછો ખેંચી લેવાયો હતો અને એના બધા રૂપિયા ભરી દેવામાં આવ્યા હતા. બ્રાહ્મણને ત્રણ દિવસ પહેલાં એ ભદ્ર-પુરુષનો મેળાપ યાદ આવ્યો અને એની આંખમાં હર્ષના આંસુ ઉમટી પડયા.

આ છે અનુકંપાદાનનો જીવતો જાગતો નમૂનો. માનવીના ભીતરમાં સુષુપ્ત એવી માનવતાને અનુકંપાદાન જ જગાડી શકે છે. દુઃખીના દુઃખને દૂર કરવાથી અને એની સુખ-વૃદ્ધિમાં સહાયક થવાથી પુણ્યની પ્રાપ્તિ તો થાય જ છે. પણ એની સાથોસાથ આવા અનુ-કંપાદાનને લીધે ભાવના નિર્મળ થાય છે. સ્વાર્થ ક્ષીણ થાય છે અને કર્મક્ષય (નિર્જરા) સાધીને વ્યક્તિ મુક્તિ પ્રાપ્ત કરી લે તો તેમાં કોઇ નવાઇ નથી.

ગૃહસ્થ દાન આપે નહિ તો આ જગતમાંથી દુઃખીઓનું દુઃખ દૂર કરનાર સહયોગ, સહાનુ-ભૂતિ કે સહાયતા નામની કોઇ ચીજ રહેશે નહિ, જેઓ અનુકંપાદાનનો વિરોધ કરે છે તેઓ માનવ હૃદયમાંથી સહાનુભૂતિ અને સહૃદયતાને દેશવટો આપવાનું કામ કરે છે. આથી જ 'સૂત્રકૃતાંગ'માં કહ્યું છે—

"जे एवं पडिसेहंति वित्तिच्छेयं करेंति ते।"

"જે આનો (અનુકંપાદાનનો) વિરોધ કરે છે તેઓ ભૂખ્યાં, અનાથ, અસહાય અને બેકા-રોની આજીવિકાનો નાશ કરે છે એટલે કે ગરીબોના પેટ પર લાત મારે છે."

આમ કરવાથી ધર્મ અને ધર્મગુરુઓની બદનામી થાય છે. જનસમૂહમાં એવી ખોટી માન્યતા ફેલાય છે કે આ લોકો કેટલા બધા સ્વાર્થી છે કે જે બીજાને કશું આપવામાં જ સમજતા નથી. જાણે એમના ધર્મગુરુઓએ પોતાના સંપ્રદાય કે પરિવાર સિવાય બીજાને દાન આપવામાં દોષ બતાવ્યો ન હોય?

આમ પોતાની કૃપણવૃત્તિને કારણે આવી વ્યક્તિ પોતાનો ધર્મ અને ધર્મગુરુઓની નિંદા કરવાનો અપરાધ કરે છે. પરિસ્થિતિ એવી થાય છે કે ધર્મ અને ધર્મગુરુઓ તરફ લોકોની શ્રદ્ધા તૂટી જાય છે અને તેઓ એમનો યથાર્થ લાભ લઇ શકતા નથી.

કેટલાક લોકો એવી ભ્રાંતિ ફેલાવે છે કે અનુકંપાથી પ્રેરિત થઇને કોઇ દુઃખી કે પીડિત કસાઇને કોઇ અન્નદાન આપે તો એ અન્ન ખાઇને કસાઇ સશકત થશે. વધુ જીવોની કતલ કરશે. આ સમયે કસાઇને અન્ન આપનાર પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થયેલી હિંસાના પાપનો ભાગીદાર બનશે. જો એણે કસાઇને અન્નદાન આપ્યું ન હોત તો જીવહિંસાનું પાપ લાગ્યું ન હોત. આ વિશે ઊંડો વિચાર કરતાં આ દલીલ સાવ પોકળ લાગે છે.

કસાઈને અન્નદાન અ૫નારની ભાવના એવી છે કે દુઃખી માણસનું દુઃખ દૂર કરવું. એનો હેતુ કસાઇનો ધંધો કરાવવાનો નથી. ધારો કે આપણે એમ માની લઈએ કે કસાઈ દ્વારા એ પછી થયેલા કર્મોની જવાબદારી એના અન્નદાતા પર છે તો એક સાધુ કોઈને દીક્ષા આપે, સ્થાનિક શ્રાવકવર્ગ ઉત્સાહ અને ઉમંગભેર એને દીક્ષા અપાવે, દીક્ષિત સાધુ જે ધર્મ પાળે એનું ફળ દીક્ષાદાતા અને દીક્ષાસહાયક સાધુ અને શ્રાવકોને મળવું જોઇએ. પરંતુ માની લો કે અશુભ કર્મના ઉદયને કારણે દીક્ષિત સાધુ સાધુત્વ છોડીને ગૃહસ્થી બને અને લગ્ન કરે તો? તો શું પેલા દીક્ષાદાતા અને દીક્ષાસહાયકોને પેલા ભૂતપૂર્વ દીક્ષિત સાધુ દ્વારા હવે કરાનારા પાપ-કર્મનું પણ ફળ એમને મળે ખરું? પછી તો આખોય દોષ દીક્ષાદાતા અને દીક્ષાસહાયકોના માથે જ આવે. આવો તર્ક વિચારીએ તો એમની ભ્રામક માન્યતાઓનો ભ્રમ ખુલ્લો પડી જાય છે. આથી અનુકંપાદાનથી દાતાને દાન લેનારના પાપના ભાગી બનવું પડે છે એ માન્યતા ધર્મવિરુદ્ધ અને નિરાધાર છે. અનુકંપા-દાન કદી દોષિત હોય શકે નહિ, કોઇપણ ધર્મશાસ્ત્રોએ એનો નિષેધ કર્યો નથી જૈનદર્શન કે કોઇ પૂર્વાચાર્યોએ પણ એનો નિષેધ દર્શાવ્યો નથી.

## ઉચિતદાન

પોતાના કુટુંબીઓ, સંબધીઓ, નોકર-ચાકરો, મુનિમ કે ગુમાસ્તાઓ વગેરેને અથવા તો સમાજ, સંસ્થા, નગર, રાજ્ય કે રાષ્ટ્રના કોઈ સેવકને કોઇ ઉત્તમ કાર્ય કરવા માટે, વફાદારી દર્શાવવા માટે, આનંદ અભિવ્યક્ત કરવા માટે અથવા તો ઉત્સવ કે તહેવારને લક્ષમાં રાખીને ઇનામના રૂપમાં કે પછી ધન કે સાધન આદિના રૂપમાં અપાતું દાન ઉચિતદાન કહેવાય. ઉચિતદાનમાં એક પ્રકારની કર્તવ્યભાવના હોય છે અને કર્તવ્યમાં પરસ્પર લેવાદેવાની ભાવના નિહિત હોય છે. કુટુંબ, જ્ઞાતિ કે સમાજના વ્યવહારની દૃષ્ટિએ સગા-સંબંધીઓ કે જ્ઞાતિજનોને આપવામાં આવે છે. આની પાછળ પ્રત્યુપકારની ભાવના હોય છે. આપનાર વિચારે છે કે એણે અમુક અવસર પર આપ્યું હતું તો મારે પણ આપવું જોઈએ. હું આપીશ તો અમુક અવસર પર એ મને આપશે. આવી જ રીતે નોકરચાકર, કર્મચારી, મુનિમ કે ગુમાસ્તાને આનંદના શુભ અવસર પર અથવા તો એમની વિશિષ્ટ કામગીરીથી પ્રસન્ન થઈને આપવામાં આવે છે. એની પાછળ પણ ઘર અને વ્યવસાય સંબંધી કાર્યમાં પ્રોત્સાહન આપવાનો ખ્યાલ રહેલો હોય છે. નગર, રાજ્ય કે રાષ્ટ્રના કોઈ કર્તવ્યનિષ્ઠ સેવકને એ માટે ઈનામ આપ-વામાં આવે છે કે એનો પોતાના કાર્યમાં ઉત્સાહ ટકી રહે. આમાં ઉચિતદાનનું ઔચિત્ય છે. આવા દાનથી પુણ્ય પણ થતું નથી અને પાપ કે અધર્મ પણ થતો નથી. આનાથી કૌટુંબિક, સામાજિક અને રાષ્ટ્રીય વ્યવહારની જાળવણી અને વ્યવસ્થા ટકી રહે છે.

સમાજમાં વિવાહ કે અન્ય સામાજિક રીતરિવાજના પ્રસંગોએ પોતાની વાહવાહ કરાવવાની વૃત્તિ હોય છે. ક્યાંક દ્વેષ, અહમ્ કે અભિમાનને પોષવા માટે લેવડદેવડ થતી હોય છે. આવે સમયે વ્યક્તિ પોતાની શક્તિનું ભાન ભૂલી જાય છે. સમાજના મધ્યમ વર્ગના અને ગરીબ બંધુઓની સ્થિતિની ઉપેક્ષા કરે છે. આંખો મીંચીને આંધળો ખર્ચ કરે છે ત્યારે આને ઉચિતદાન કહી શકાય નહિ. ધનના મદમાં આવીને ઘણા લોકો કન્યાની વિદાય સમયે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાહેરમાં મોટી મોટી રકમ આપે છે. આમ કરવાની હોડ શરૂ થઇ જાય છે. એણે પચાસ હજાર આપ્યા તો હું ઓછામાં ઓછા સાઠ હજાર તો આપીશ જ. ત્રીજો વિચારે છે કે મારે મારી 'પોઝીશન' અનુસાર એંશી હજાર તો આપવા જ જોઇએ આવે સમયે ઉચિત-અનુચિતનો વિવેક માનવી ગુમાવે છે. સામાજિક હિત કે અહિતનો એને ખ્યાલ આવતો નથી.

લોકો કહે છે, "અમારે અમારું નાક જાળવવા માટે આટલું તો આપવું જ પડે."

હું પૂછું છું, "આ દુનિયામાં હાથીથી મોટું કોનું નાક છે? અને એના નાકમાં ભરેલું છે શુ? માત્ર ગંદકી જ. તો પછી નાકનો સવાલ લાવો છો કેમ? વિવાહ-લગ્નમાં સંપત્તિનો આંધળો વ્યય કરનારાઓએ કયારેય સમાજના ગરીબ અને મધ્યમવર્ગના લોકોની આબરૂનો વિચાર કર્યો છે ખરો? એણે કયારેય વિચાર્યું છે કે પોતાનો વટ રાખવા દેખાદેખીથી તેઓ જંગી ખર્ચ કરે છે તેને પરિણામે તેમનું અનુકરણ કરીને ગરીબ અને મધ્યમવર્ગના લોકો તો પીસાઈ જશે. એમના પ્રત્યે અનુકંપા અને વાત્સલ્ય રાખવું તે તમારું કર્તવ્ય નથી?"

ઉચિતદાન પણ ઔચિત્યની સીમામાં રહીને જ થવું જોઈએ. પોતાના ગજા ઉપરાંત આપવામાં આવે અથવા તો સમાજના સામાન્ય લોકોની સ્થિતિની ઉપેક્ષા કરીને માત્ર પોતાના અહમ્‌ને પોષવા માટે મોટો ખર્ચ કરવામાં આવે તો તેમાં ઔચિત્ય જળવાતું નથી.

## કીર્તિદાન

પોતાની મોટાઈ. પ્રસિદ્ધિ કે કીર્તિની પ્રાપ્તિને માટે અપાતું દાન એ કીર્તિદાન કહેવાય છે. આવા કીર્તિદાનમાં પરોપકારની કોઈ દૃષ્ટિ હોતી નથી. આમાં તો પોતાની યશકામના અને કીર્તિ-પતાકા લહેરાવવાની જ દૃષ્ટિ હોય છે. ભાટ-ચારણ પાસેથી પોતાના હૃદયને ડોલાવનારી પ્રશસ્તિગાથા સાંભળવા માટે કે પછી રાજ-દરબારમાં સન્માન ખિતાબ કે ખુરશી પામવા માટે, જગતમાં દાનવીર કહેવડાવવા માટે, પોતાના નામનો શિલાલેખ કોતરાવવા માટે કે પોતાને શ્રેષ્ઠ કહેવડાવવા માટે જે કંઇ આપવામાં આવે તે બધું જ કીર્તિદાનમાં સમાવેશ પામે છે, આવા દાનમાં યશ ત્યાં સુધી મળે છે કે જ્યાં સુધી એનાથી મોટો રકમ આપનારો દાનવીર મળતો નથી. પચાસ હજાર આપનારની સામે સાઠ હજાર આપનાર આવે છે તો પચાસ હજાર આપનારનો યશ છીનવાઇ જાય છે.

વર્તમાન સમયમાં કીર્તિદાનની અધિકતર બોલબાલા છે. જયાં જુઓ ત્યાં, પછી તે ધર્મ-સ્થાન હોય કે મંદિર, સભા હોય કે સોસાયટી, રાજકીય મંચ હોય કે ઉત્સવ—બધે જ કીર્તિ-દાની છવાયેલા છે. તેઓ શાંત ચિત્તે વિચારીને કીર્તિકામનાને બદલે સમાજહિત અને સ્વપરહિત પ્રત્યે પોતાનો દાનપ્રવાહ વહેવડાવે તો એના દાનશક્તિ અને અર્થોપાર્જનશક્તિ સાર્થક થઇ શકે.

આ પાંચ દાનમાંથી અભયદાન અને સુપાત્ર-દાન એ બંને મુક્તિના સાધન છે. અનુકંપાદાન પુણ્યપ્રાપ્તિ દ્વારા ઉત્તરોત્તર શુભ અધ્યવસાયથી મોક્ષ પ્રાપ્તિનું કારણ બની શકે છે. આ ત્રણ દાનોની પ્રવૃત્તિ જગતમાં ચાલતી રહે તો જગત સુખશાંતિનું ધામ બની શકે અને સમાજના વ્યવસ્થા જળવાઈ રહે. આથી જ સાધુપુરુષ હંમેશાં આ ત્રણ દાનોની પ્રેરણા અને અનુ-મોદના કરતાં હોય છે.

## હૃદયની ભાવના

બધા જ પ્રકારના દાન એની અંતર્ગત ભાવના પર આધારિત છે. જેની ઉત્તમ. મધ્યમ અને અધમ ભાવના હોય તેને તે પ્રમાણે જ તેનું ફળ મળે છે. સુપાત્ર વ્યક્તિ હોય, પણ એને અધમ ભાવનાથી દાન આપ્યું હોય તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાનીને સુપાત્રદાનનું ફળ નહિ મળે, પરંતુ તામસદાનનું ફળ મળશે. નાગશ્રી બ્રાહ્મણીએ ધર્મરુચિ અનગાર જેવી સુપાત્ર વ્યક્તિને દુર્ભાવનાથી કડવી દૂધીનું શાક આપ્યું. એના ફળ સ્વરૂપે એને સુપાત્રદાનના ફળના રૂપમાં ધર્મ કે પુણ્યનો લાભ થવાને બદલે તામસદાનના ફળસ્વરૂપ પાપ મળ્યું.

માની લો કે તમારા ઘરમાં રસોઇ તૈયાર છે. એ સમયે એ મુનિવર ગોચરી વહોરતાં વહોરતાં તમારે ત્યાં આવી પહોંચ્યા. મુનિને જોઇને તમારી નજર એની વેશભૂષા પર જાય અને તેઓ તમે માનતા હો તે સંપ્રદાયનો વેશ ધારણ કરતાં ન હોય તો મુનિવર 'સુપાત્ર' હોવા છતાં તમારો ભાવ ઘટી જશે. એમને જોઈને તમને પ્રસન્નતા નહિ થાય. થોડી જ વારમાં તમારા સંપ્રદાયના વેશવાળા સાધુને જોઇને તમારા હૃદયનો ભાવ ઉછળવા લાગશે અને સાંપ્રદાયિક મોહવશ બનીને એમને આહાર આપશો તો પણ સુપાત્રદાનનું પૂરેપૂરું ફળ તમને ઉપલબ્ધ નહિ થાય.

પણ હા 'નમો લોએ સવ્વસાહૂણં'ના મંત્ર અનુસાર કોઈ પણ વેશ કે સંપ્રદાયના ત્યાગી પંચમહાવ્રતધારી સાધુને જોઈને તમારા હૃદયમાં ભક્તિભાવ જાગે અને એમને આવશ્યકતા અનુસાર આહાર વહોરાવીને તમારી જાતને ધન્ય માનો તો ત્યાં સુપાત્રદાનનું પૂર્ણ ફળ પ્રાપ્ત થશે. આવી જ રીતે મધ્યમ અને જઘન્ય સુપાત્રને દાન આપવાનું ફળ પણ સમજી લેવું જોઇએ.

મુનિવર ગોચરી લઇને ગયા પછી થોડી જ વારે કોઈ દુઃખીને ઘરને બારણે ઊભેલો જુઓ. એ પોતાનું દુઃખ કહે તે પહેલાં જ તમે કરુણાર્દ્ર બનીને એની સ્થિતિ પૂછીને યોગ્ય મદદ કરો તો અહીં તમને અનુકંપાદાનનું વાસ્તવિક ફળ મળશે. પરંતુ જો તમે દીનદુઃખીને બારણે ઊભેલો જોઇને જ એની અવગણના કરી- એણે માંગણી કરી તો તમે સખત ઠપકો અને ફિટકાર આપ્યા, એનું અપમાન કર્યું. બહુ કરગર્યો ત્યારે એનાથી છૂટવા માટે લૂખોસૂકો રોટલો ઉપેક્ષાપૂર્વક એને આપી દીધો અથવા તો એકાદ રૂપિયો એની તરફ ફેંકી દીધો તો આવા દાનથી અનુકંપાદાનનું ફળ મળતું નથી.

એવામાં તમારા જમાઈ આવી ગયા. જમાઈને ખૂબ પ્રેમથી ભોજન કરાવ્યું. એમનું યોગ્ય સ્વાગત કર્યું. પણ માની લો કે તમારો જમાઇ અત્યંત ગરીબ છે. એને જોઈને તમારા હૃદયમાં કોઈ સ્નેહ જાગતો નથી. માત્ર લપ ટાળવા માટે ઔપચારિકતાથી તમે એની સાથે શિષ્ટાચાર કરો છો અને જેમ તેમ ભોજન કરાવીને વિદાય કરી દો છો. બંનેમાં જમાઈને ભોજન કરાવ્યું ખરું, પણ એમાં અવશ્ય ભેદ છે અને એની પ્રતિક્રિયાઓ પણ ભિન્ન ભિન્ન જ થશે.

જેવા ભાવનાના બીજ વાવ્યાં હશે એવો જ દાનનો પાક તૈયાર થશે. આમ છતાં 'ઉપનિષદ'માં કહેવાયું છે કે લજ્જા, ભય, અભિમાન, શ્રદ્ધા કે અશ્રદ્ધાથી પણ રોજેરોજ કોઇને કોઇ રીતે કંઈક ને કંઈક દાન આપવાથી મનુષ્યની કૃપણતા દૂર થાય છે. કોઈ પણ દાન નિરર્થક જતું નથી, ઓછેવત્તે અંશે એનું કોઇ ને કોઈ સુફળ પ્રાપ્ત થાય છે. આથી જ કહેવાયું છે—

"मात्रके कीर्तिपुष्टाय, स्नेहपुष्टाय बान्धवे ।
सुपात्रे धर्मपुष्टाय न दानं क्वापि निष्फलम् ॥"

"માત્રક (દીન, દુઃખી, કરુણાપાત્ર) ને દાન આપવાથી કીર્તિની પુષ્ટિ થાય છે. બંધુઓને આપવાથી સ્નેહની પુષ્ટિ થાય છે અને સુપાત્રને દાન આપવાથી ધર્મની પુષ્ટિ થાય છે. દાન કદાપિ નિરર્થક જતું નથી."

પયગંબર મૂસાને કોઈએ પૂછ્યું, "ભાગ્યશાળી કોણ છે અને ભાગ્યહીન કોણ છે?"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂસાએ જવાબ આપ્યો, "જેણે કંઈક મેળવીને પરલોકના હિત અર્થે બીજ વાવ્યું એટલે કે દાન આપ્યું તે ભાગ્યશાળી છે અને જે ધન મેળવીને કશુંય દાન આપ્યા વિના મૃત્યુ પામ્યો તે ભાગ્યહીન છે.

સાચે જ મૂસા પયગંબરનો આ જવાબ અત્યંત મનનીય છે. ધનની સાથે ત્યાગનો ગુણ હોય તો જ ધન જીવનનું તારક બને છે અન્યથા એ જ ધન કંજૂસની માફક ગળાનો ફાંસો બની જાય છે. એને કારણે જ પરિવારના લોકોમાં અંદરોઅંદર સતત કલહ ચાલે છે.

આથી જ દાન એ જીવનને કૃતાર્થ કરવાનો એક માત્ર સરળ ઉપાય છે.

સ્થાન : જૈનભવન, બીકાનેર

તા. ૩૧-૭-૪૮.

## સન્માર્ગ તરફ

વૃક્ષનાં પાકાં ફળો જરા પણ ડાળી હાલે ત્યાં ડાળીનો સંબંધ તોડીને ભૂમિ પર પડી જાય છે; પરંતુ કાચા ફળોને પથ્થર મારવા છતાં કંઈ અસર થતી નથી. તે તો ડાળીઓને જોરથી ચોંટી રહે છે.

આવી રીતે મુમુક્ષુ આત્માઓ જે સંસારના વિષયોથી ઉદાસીન અને અનાસક્ત છે તેમને વધુ પ્રેરણા દેવાની જરૂર રહેતી નથી, તે તો જરા નિમિત્ત મળતાં પ્રભાવિત થઇને જીવનના લક્ષ્યમાં પરિવર્તન કરી લે છે. પરંતુ જે આત્માઓ સંસારથી થાકયા નથી અને જેનાથી મોક્ષ હજુ ખુબ દૂર છે તે તો દુરાગ્રહી થઈને સંસારના વિષયોમાં પૂર્ણપણે ચોંટેલા રહે છે. કાચા ફળની જેમ તેમને ગમે તેટલો સદુપદેશરૂપી પથ્થર મારવામાં આવે તોપણ સન્માર્ગ તરફ આગળ વધતા નથી.

ધનદોલત તથા કીમતી સંપત્તિને તિજોરીમાં બંધ કરી તાળું મારી દઇએ છીએ કે જેથી ઘરના નોકરો કે બાળકોની તેના પર દૃષ્ટિ ન પડે. એવી રીતે આત્મારૂપી બહુમૂલ્ય સંપત્તિને કામ, ક્રોધ, માન, માયા, લોભ રૂપી ચોરોથી સુરક્ષિત રાખવા ઈન્દ્રિયરૂપી તિજોરીને સંસારરૂપી તાળાથી બંધ રાખવી પડે છે. જરા પણ ભૂલ થાય તો વાસનારૂપી ચોર આત્મધનને લૂંટી લે છે ત્યારે માણસને તેનો કંઇ પત્તો મળતો નથી. માટે જીવનમાં હરઘડી જાગ્રત રહો....

(વર્ણીપ્રવચન, એપ્રિલ ૧૯૮૭)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • ક્ષમાશીલ શિવા

• પ્રા. અરુણ જોષી

પ્રાચીન કાળમાં અવન્તીમાં ચંડપ્રદ્યોત નામનો રાજા રાજ્ય કરતો. તેની પટરાણી શિવા ખૂબ જ ધર્મપરાયણ અને વિવેકશીલ હતી. તેના સદાચરણ અને નૈતિક મૂલ્યોનો પ્રભાવ સમગ્ર પરિવાર ઉપર પડયો હતો.

ચંડપ્રદ્યોતનો મંત્રી નામે ભૂદેવ રાજાના પરમ મિત્રના નાતે રાજમહેલમાં પટરાણી શિવાનો પણ આદર પાત્ર બનેલો. રાણીના નિષ્કપટ વ્યવહારને ભૂદેવ અન્યથા સમજી બેઠો અને શિવાને પોતાની પ્રિયતમાના સ્વરૂપે પ્રાપ્ત કરવાના સ્વપ્ન સેવવા લાગ્યો. એકવાર ભૂદેવ મંત્રીએ પોતાની પ્રેમયાચના એક દાસીના માધ્યમથી કરી.

મહારાણી શિવા માટે આ ઘટના એક આક્રમણ સરખી નીવડી. ક્રોધના આવેશમાં તેણે દાસીને તો પ્રાણદંડની બીક દર્શાવી પણ સાથે સાથે ભૂદેવને પણ કહેવડાવ્યું કે જો ફરીવાર આવી ચેષ્ટા થશે તો ભૂદેવ સર્વનાશ નોતરશે.

"આ બનાવનું અર્થઘટન ભૂદેવની દૃષ્ટિએ જુદું કરવામાં આવ્યું. તેણે એમ માન્યું કે રાણી અને પોતાના વચ્ચેના પ્રેમની જાણ દાસીને થઈ છે તેથી રાણીએ સમયસૂચકતા વાપરીને ત્રીજી વ્યક્તિને જાણ ન થાય એ માટે આમ કરેલું છે. મનોમન રાણીની બુદ્ધિને વખાણવા લાગ્યો અને પોતાના સ્વપ્નમાં વધારે રાચવા લાગ્યો. તેને શિવાનું આકર્ષણ વધુ ને વધુ કામવેદના વર્ધક લાગવા માંડયું.

સંયોગવશ એવું બન્યું કે ચંડપ્રદ્યોતને શ્રેણિક સાથેના યુદ્ધને કારણે નગરની બહાર જવું પડયું. આ તકનો લાભ લઈ ભૂદેવ શિવા પાસે પહોંચ્યો અને સ્વયં શિવા સમક્ષ પ્રણય નિવેદન કરવા લાગ્યો. સમય પારખીને શિવાએ પ્રથમ તો શાંતિથી કામ કરવાનો નિર્ણય લઇ ભૂદેવને શિખામણના બે શબ્દો કહી સંભળાવ્યા અને ખાતરી આપી કે પોતે તેને પોતાના દિયર તરીકે જ માને છે. પણ નફફટ ભૂદેવ ઉપર તેની કોઈ અસર ન થતાં શિવાએ પોતાનું ચંડી સ્વરૂપ પ્રકટ કરી ભૂદેવ ઉપર પોતાના શીલનો એવો પ્રભાવ પાડયો કે ડરીને ભૂદેવ પોતાને ઘરે પહોંચ્યો. રાજા ચંડપ્રદ્યોત પાછો ફરશે ત્યારે શું થશે એવા વિચારમાં તેની તબિયત ઉત્તરોત્તર બગડવા માંડી.

સૌભાગ્યે જ્યારે ચંડપ્રદ્યોત પાછો ફર્યો ત્યારે ભૂદેવને લગતી કોઈ વાત શિવાએ કહી નહિ. જ્યારે ભૂદેવની તબિયત ખરાબ છે એમ રાજાએ જાણ્યું ત્યારે તેની કુશળતા પૃછવા રાજા ભૂદેવને ઘરે ગયો. પથારીમાં પડેલા ભૂદેવે રાજાને જોયો અને તેનો ભય વધવા લાગ્યો. પરંતુ રાજાને શિવા પણ અનુસરી રહી છે એમ જ્યારે તેણે જોયું ત્યારે તો તે ધ્રુજવા જ માંડયો. તેના ચેહરા પર પ્રાયશ્ચિત્ત અને ક્ષમાયાચનાનો ભાવ જોઇ શિવાએ તેને કહ્યું, "હે મંત્રીજી, તન અને મન કયારે વિકારનો શિકાર બને તે કહી શકાય નહિ. એ વિકારને આપણે દૂર કરવો ઘટે. ભૂલ તો કોની નથી થતી ? ભૂલનો પસ્તાવો કરવાથી મન શુદ્ધ બને છે. હું તો તમને રાજાના ભાઇ તરીકે જ માનું છું." ક્ષમાશીલ શિવાના આ શબ્દોએ ધારી અસર કરી. ભૂદેવ પુનઃ સાચે રસ્તે ચઢયો.

આવી ક્ષમાવાન શિવા ચંડપ્રદ્યોત માટે એક રત્ન સમાન હતી. એકવાર તેના નગરમાં ભયંકર આગ પ્રગટી. અનેક ઉપાયે તે કાબુમાં ન આવી ત્યારે એક મહાત્માએ જણાવ્યું કે મન, વચન અને શરીરથી પતિવ્રતા એવી સ્ત્રી જો જળનો છંટકાવ કરશે તો જ આ આગ શાંત થશે. અનેક સ્ત્રીઓનો પ્રયત્ન વિફળ ગયો પણ જ્યારે મહારાણી શિવાએ જળનો છંટકાવ કર્યો ત્યારે જ આગ શાંત થઇ. આ ઘટનાને શિવાએ પોતાની લોકપ્રિયતા વધારવાની તક ગણી નહિ પણ કર્મોની નિર્જરા નિર્વિઘ્ને કરી શકાય તે માટે તેણે સાધ્વીપણું અંગીકાર કર્યું. આપણા દેશમાં આવાં ભવ્ય સ્ત્રીપાત્રો આજે પણ યશરૂપી શરીરથી જીવંત છે.

*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "જૈન ધર્મમાં લેશ્યા"

હરેશ અરુણભાઇ જોષી

અન્ય દર્શનોની સરખામણીએ જૈન દર્શનમાં કર્મનો સિદ્ધાંત વધુ મહત્વનો છે કોઇ પણ વ્યક્તિના સુખ કે દુઃખનું કોઈ દેખીતુ કારણ હોતું નથી તેમજ તે સુખ કે દુઃખ જે તે વ્યક્તિને માટે અનુભવની બાબત બની રહે છે.

કર્મના સિદ્ધાંતની મહાનતા એ છે કે જીવનાં જન્મ, મૃત્યુ સુખ, તેમજ ત્રિવિધ દુઃખો વગેરે અસમાનતાઓ અને જીવના ઉચ્ચ નીચ પ્રકારને બુદ્ધિપૂર્વક અને વ્યવસ્થિત રીતે સમજાવી શકે છે.

જૈન દર્શનનાં પાયાનાં સિદ્ધાંત પ્રમાણે પ્રત્યેક જીવ ચેતન છે. જે શરીરમાં જીવનો નિવાસ હોય તે શરીરનાં પરિમાણ જેટલો તે જીવનો વિસ્તાર હોય છે.

જૈન દર્શનનાં કર્મના સિદ્ધાંતની સાથે જ લેશ્યાનો સિદ્ધાંત ગાઢ રીતે સંકળાયેલો છે. જીવે કરેલા કર્મનો સંગ્રહ તેના પર આંખો દ્વારા ન જોઇ શકાય તેવી સર્વોપરિ રંગની છાંયાને પ્રેરિત કરે છે તેને જ લેશ્યા કહેવામાં આવે છે.

આ લેશ્યાઓ છ પ્રકારની હોય છે. (1) कृष्ण, (2) नील, (3) कापोत, (4) पीत, (5) रक्त (6) शुक्ल.

ઉપર કહ્યા મુજબનાં લેશ્યાનાં રગો પરથી તે રંગ ધરાવતા મનુષ્યનું ચારિત્ર્ય સૂચવાય છે. આ છ રંગોમાંથી ત્રણ રંગો દુષ્ટ ચારિત્ર સૂચવે છે. અને છેલ્લા ત્રણ રંગો શુભ ચારિત્ર્ય સૂચવે છે. એટલે કે પ્રથમ ત્રણ લેશ્યાઓ દુષ્ટ ભાવોની પરિણામ રૂપ છે અને પાછળની ત્રણ લેશ્યાઓ શુભ ભાવોના પરિણામ રૂપ છે.

કર્મના સિદ્ધાંતનું નિરૂપણ કરતા લગભગ બધાંજ દાર્શનિકોએ લેશ્યાના વિષયનો વિસ્તાર પૂર્વક નિર્દેશ કર્યો છે. દ્રવ્ય સાથે મિશ્ર કે દ્રવ્ય રૂપ પ્રત્યેક પદાર્થને કંઈને કોઇ પ્રકારનો રંગ, ગંધ કે સ્વાદ હોય જ છે. આપણા વિચારોને મનની લાગણીઓને લેશ્યાનાં આ છ એ રંગો સાથે ખૂબ જ નિકટના સબંધ છે.

લેશ્યા છ પ્રકારની છે. આ ઉપરાંત આ લેશ્યાના બે પ્રકારો પણ છે-(૧) ભાવ લેશ્યા અને (૨) દ્રવ્ય લેશ્યા, ભાવ લેશ્યા વિચાર પ્રવૃત્તિનો રંગ છે. અને દ્રવ્ય લેશ્યા નામ કર્મને કારણે ઉત્પન્ન થાય છે. જુદી જુદી ગતિના જીવોના જુદા જુદા રંગો હોય છે. નારકી જીવો સંપૂર્ણ પણે કાળા હોય છે. જ્યારે બીજા જીવોનો છમાથી કોઈ એક રંગ અવશ્ય હોયજ છે. ઉત્તમ, મધ્યમ, અને અધમ પ્રદેશોના જીવોને અનુક્રમે સુર્ય જેવો ચંદ્ર જેવો અને લીલો તેમજ જલકાય, અગ્નિકાય અને વાયુકાય જીવોને શ્વેત, પીત અને અવર્ણનીય રંગોના દેહ હોય છે.

લેશ્યાના ગુણો જેઓ જાણે છે. તેમના મત પ્રમાણે ભાવલેશ્યા જીવને રંજિત કરે છે. જીવ તેને પોતાની બણી લે છે. તેને પરિણામે પાપ કે પુણ્યનો આવિર્ભાવ થાય છે. ચૈતન્ય એ જીવનું લક્ષણ છે. ચિંતન પ્રવૃત્તિઓને કારણે તેમાં પણ રૂપાંતર થયા કરે છે.

આ બ્રહ્માંડમાં કષાયોના ઉદ્ભવ સ્થાનો અનેક છે. ખરાબ અને સારા કષાયોના રંગો અનુક્ને શ્યામ. નીલ, રાખોડી, અને પીત, ગુલાબી અને શ્વેત હોય છે. કમળોની શુભતા કે અશુભતા પ્રમાણે રંગોમાં રૂપાંતર પણ થયા કરે છે.

જીવની શુદ્ધિ કે શુભ ચિન્તામાં વધારો થતાં તેજસૂ પીત અને શુકલ રંગોમાં અનુક્રમે પ્રગતિ થાય છે અને અશુદ્ધિ કે અશુભ ચિન્તન વધતાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાપોત, નીલ અને કૃષ્ણ રંગોમાં અનુક્રમે વધારો થાય છે.

મન તેમજ વિચારની શુદ્ધિનાં પરિવર્તનો સાથે આ છએ લેશ્યાઓ આપોઆપ બદલાય છે. પ. પૂજ્ય શ્રી નેમિચન્દ્ર સિદ્ધાંત ચક્રવર્તીજીએ મનની પ્રવૃત્તિ અનુસાર સર્જાતી લેશ્યાઓને સમજાવવા માટે નીચે પ્રમાણે ખૂબ સુંદર ઉદાહરણ આપ્યું છે.

કોઇ છ વટેમાર્ગુઓ વનમાં ભૂલા પડયા. અને ભુખ્યા થયાં. તેઓએ ફળથી સભર એવા એક વૃક્ષને જોયું. અને સહજભાવે જ તેઓ સૌએ ફળ ખાવાની ઇચ્છા વ્યક્ત કરી. એમાંનો એક માણસ આખું વૃક્ષ ઉખાડીને ફળો ખાવાની ઇચ્છા વ્યક્ત કરે છે. તેની લેશ્યા કૃષ્ણ છે. બીજો વ્યક્તિ વૃક્ષનું થડ કાપીને ફળો ખાવા ઇચ્છે છે. તેની લેશ્યા નીલ છે. જ્યારે તૃતીય પુરુષ ડાળીઓ કાપી ફળ ખાવા ઇચ્છે છે. અને તેની લેશ્યા કાપોત છે. ચોથો માણસ વૃક્ષની જે ડાળ પર ફળો છે તે ઝુમખા જ કાપીને ફળો ખાવા ઇચ્છે છે. તે પીત લેશ્યા ધરાવે છે. જ્યારે પાંચમા માણસને માત્ર ફળો જ ખાવા છે. તે માણસ પીત લેશ્યા ધરાવે છે અને છેલ્લો છઠ્ઠો માણસ તો માત્ર પાકેલ ફળો જ ખાવા ઇચ્છે છે. વૃક્ષને કોઇ પણ પ્રકારનું નુકસાન પહોંચાડયા વગર માત્ર પાકેલા ફળો જ ખાવાની ઇચ્છા વ્યક્ત કરનાર તે છેલ્લા માનવીની લેશ્યા શુકલ છે.

અહીં ઉપરના ઉદાહરણમાં પ્રથમ ત્રણ વ્યક્તિઓ સંપૂર્ણ વૃક્ષને નુકસાન કરીને તેનાં ફળ ખાવા ઇચ્છે છે. જ્યારે બીજા ત્રણે માણસો સંપૂર્ણ વૃક્ષને નુકસાન નહી કરતા માત્ર ફળની પ્રાપ્તિનો હેતુ સિદ્ધ કરવા માટે જ પ્રયત્નશીલ છે.

આ ભિન્ન ભિન્ન પ્રકારનાં રંગો ધરાવતી લેશ્યા પ્રત્યેક જીવના મનની આંતર પ્રવૃત્તિની પરિચાયક છે. આ લેશ્યાઓ સૂચવે છે કે પ્રત્યેક કાર્ય સિદ્ધ કરવા માટે જીવે અપનાવેલ ઉપાયો તે જીવનાં માનસિક અને નૈતિક લક્ષણો અનુસાર ભિન્ન ભિન્ન છે ખરી રીતે તો આ લેશ્યાઓ જુદા જુદા કર્મોના પ્રભાવથી ઉત્પન્ન થયેલી ભિન્ન ભિન્ન સ્થિતિઓ જ છે. આ લેશ્યાઓને રંગ, સ્વાદ, ગંધ, સ્પર્શ, સ્વભાવ, પ્રકાર વગેરે હોય છે.

આ છ એ લેશ્યાઓને ક્રમશઃ લીંબોળીથી કડવો, તૂરો, કાચી કેરીથી વધુ ખાટો, તથા પાકી કેરી કરતાં વધારે મીઠો, મધથી મીઠો અને દૂધથી અતિવધારે ચઢિયાતો સ્વાદ હોય છે.

લેશ્યાનો અભાવ હોય તેવી સ્થિતિને અલેશ્યા કહે છે લેશ્યા પરથી પ્રત્યેક જીવની નૈતિક અને આત્મિક સ્થિતિ જાણી શકાય છે. છ લેશ્યાઓમાંથી પ્રથમ ત્રણને પાપની નિશાની માનવામાં આવે છે અને તે પછીની ત્રણ પીત, પદ્મ અને શુકલને શુભ ગણવામાં આવે છે.

મંખલી ગોસાલકનાં વિચારોને અનુસરતા આજીવકો પણ કર્મ સિદ્ધાંત તથા લેશ્યાનાં સિદ્ધાંતને માન્ય રાખે છે. તેમનાં મતે બૌદ્ધ ભિક્ષુઓ નીલ લેશ્યા ધરાવતા હતા કારણ કે તેમને સગવડ ભર્યું જીવન જોઇતું હતું. ગોસાલકે પોતાના સામાન્ય કક્ષાનાં અનુયાયીને પીત લેશ્યા અને દૃઢ અનુયાયીઓને શ્વેત લેશ્યાયુક્ત ગણ્યા છે.

જૈનધર્મના તત્ત્વ ચિંતકોનું મનોવિજ્ઞાનના ક્ષેત્રે હંમેશા મહત્વનું પ્રદાન રહ્યું છે. અર્વાચીન મનોવૈજ્ઞાનિકોએ પણ સ્વીકાર્યું છે કે જીવના મનની લાગણીઓની પ્રક્રિયાની તીવ્રતા કે મહત્તાને કારણે રંગમાં ચોક્કસ પરિવર્તન થાય જ છે. શ્રી કુંદકુંદાચાર્ય જણાવે છે કે જીવ આધ્યાત્મિકતાની કક્ષાએ પહોંચે ત્યાં સુધી લેશ્યાઓ જીવમાં રહે છે. જે જીવો સંસાર ચક્રમાંથી મુક્ત થયા હોય છે તેઓ લેશ્યાઓથી પણ મુક્ત હોય જ.

કર્મ સિદ્ધાંત જૈન ધર્મનું એક અવિભાજ્ય અંગ છે. જૈન આચાર્યોએ આ સિદ્ધાંતને વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિકસાવ્યો છે. અને તેજ કર્મસિદ્ધાંત લેશ્યાના સિદ્ધાંતના મૂળમાં રહેલ છે. *



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દ્વાદશાર નયચક્ર

(**દ્વાદશારનયચક્રમ્**-ભાગ ત્રીજાનું તારીખ ૨૬-૧-’૮૮ના રોજ પ્રકાશન થવાનું છે તેથી આ લેખ વાંચકને ઉપયોગી થશે એ હેતુથી અહીં આપવામાં આવે છે.)

દ્વાદશાર નયચક્ર એ સમગ્ર દર્શન શાસ્ત્રોમાં અને ખાસ કરીને જૈન દર્શન શાસ્ત્રનો એક અમૂલ્ય ગ્રન્થ છે. મૂળ ગ્રન્થના રચયિતા આચાર્યશ્રી મલ્લવાદી ઉત્તમકોટિના તાર્કિક છે. પૂજ્ય આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ તેમને ‘વાદીમુખ્ય’ તરીકે વર્ણવ્યા છે. કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચન્દ્રસૂરિએ તેમને ઉત્કૃષ્ટ તાર્કિક તરીકે વર્ણવ્યા છે. શ્રી સંઘતિલક સૂરિ તથા મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ પણ તેમની ‘વાદી’ તેમજ તાર્કિક તરીકે પ્રશંસા કરી છે. આ રીતે અનેક વિદ્વાનોએ જેની પ્રશંસા કરી છે તે શ્રી મલ્લવાદીજીનો ‘દ્વાદશાર નયચક્ર’ ગ્રન્થ ‘દર્શન સાહિત્ય’માં અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે

દ્વાદશાર નયચક્ર ટીકાકાર શ્રી સિંહસેનસૂરિએ તેમને જૈન શ્વેતામ્બર સંપ્રદાયના આચાર્ય તરીકે અને ‘ક્ષમાશ્રમણ’ પદવીથી વિભૂષિત ગણ્યા છે. તેમણે ટીકાને અંતે જણાવ્યું છે કે ‘નયચક્ર’નું અધ્યયન કરનારાઓ વાદીઓમાં ચક્રવર્તી બને એ હેતુથી આ ગ્રન્થની રચના કરી છે.

તે સમયમાં એક સપ્તશતાર નયચક્ર નામનો ગ્રન્થ હતો પણ તે અતિવિસ્તૃત હોવાથી શ્રી સિંહસેનસૂરિએ આ નયચક્રની વૃત્તિ સંક્ષિપ્તમાં રચી છે. જો કે આજે આ ‘સપ્તશતાર નયચક્ર’ લુપ્ત થયેલ છે

પ્રભાવક ચરિત્રમાં લખ્યા મુજબ આ ‘નયચક્ર’ ગ્રન્થ ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ હતો.

આ નયચક્રનો વિષય નયોનું નિરૂપણ અને તે દ્વારા સ્યદ્વાદ અથવા અનેકાન્તવાદનું પ્રતિષ્ઠાપન છે. આ ગ્રન્થમાં નયોના નિરૂપણ દ્વારા એકાન્તવાદી દર્શનોનું નિરાકરણ કરી જૈન દર્શનનું સાચું સ્વરૂપ સમજાવવાનો આ ગ્રન્થનો હેતુ છે.

અનેકધર્માત્મક વસ્તુના એક ધર્મને લક્ષ્યમાં રાખીને વર્ણન કરનારી દૃષ્ટિને નય કહે છે. આવા નયો અનંત છે. કારણ કે વસ્તુના ધર્મો અનંત છે. જૈન દાર્શનિક આચાર્યોએ બધાયે નયોનો સાત નયોમાં સમાવેશ કર્યો છે. તે સાત નયો નીચે મુજબ છે. (૧) નૈગમ (૨) સંગ્રહ (૩) વ્યવહાર (૪) ઋજુસૂત્ર (૫) શબ્દ (૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત. આ સાતે નયોને પણ બેમાં સમાવેશ કરી શકાય. (૧) દ્રવ્યાર્થિક નય (૨) પર્યાયાર્થિક નય.

ઉપરોક્ત નયવાદ એ જૈન દર્શનનો અત્યંત વિશિષ્ટ પ્રકારનો સિદ્ધાન્ત છે અને તે વિષે જૈન સાહિત્યમાં અનેક ગ્રન્થો રચાયેલ છે.

આચાર્યશ્રી મલ્લવાદીએ રચેલ **દ્વાદશાર નયચક્ર** નયવિષયક હોવા છતા તેમાં જે નયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે ઉપરોક્ત સાત નયોથી ભિન્ન પ્રકારના નયો છે. પૂ. મલ્લવાદીજીએ વિધિ વગેરે બાર નયોનું નિરૂપણ કર્યું છે.

તે બાર નયો નીચે પ્રમાણે છે. ૧ વિધિ ૨. વિધિવિધિ ૩. વિધ્યુભય ૪ વિધિનિયમ ૫. ઉભય ૬. ઉભયવિધિ ૭. ઉભયોભય ૮. ઉભયનિયમ ૯. નિયમ ૧૦. નિયમવિધિ. ૧૧. નિયમોભય ૧૨ નિયમનિયમ.

આ બારે નયોનો નૈગમ વગેરે સાત નયોમાં અંતર્ભાવ થઇ સકે છે.

આચાર્યશ્રી મલ્લવાદીજીએ દ્વાદશાર નયચક્રના બાર પ્રકરણ પાડયા છે. તેમાં પ્રકરણને ‘અર’ (આરો) એવું નામ આપ્યું છે. અને બાર નયોનું નિરૂપણ બાર અરમાં કર્યું છે. જેમ રથચક્રના બાર આરા હોય છે તેમ આ ‘નયચક્ર’ને બાર અર રૂપી ૧૨ પ્રકરણો છે. અને એક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક પ્રકરણમાં એક એક નયનું નિરૂપણ કર્યું છે.

આ દરેક પ્રકરણમાં તે તે નય સાથે સંબંધ ધરાવતા તે સમયમાં પ્રચલિત દાર્શનિક વિચારોને સમાવી લીધા છે.

રથના ચક્રમાં જેમ આરાઓ વચ્ચે અંતર હોય છે તેમ આ 'નયચક્ર'માં પણ દરેક અરમાં પરમત ખંડન અને સ્વમત મંડન આપેલ છે તેમાં આ ખંડનનો ભાગ તે અંતર છે. રથ ચક્રમાં જેમ ભાગો હોય છે તેમ અહીં ત્રણ ભાગ છે અને તેને 'માર્ગ' એવું નામ આપવામાં આવ્યું છે. ટીકાકારે માર્ગનો અર્થ નેમિ કર્યો છે. આ 'નયચક્ર'ની નેમિ ત્રણ ખંડોની બનેલી છે. એક એક ખંડમાં ચાર ચાર અરનો સમાવેશ કર્યો છે. પહેલા ખંડમાં ૧ થી ૪, બીજામાં ૫ થી ૮ અને ત્રીજામાં ૯ થી ૧૨ એ પ્રમાણે બાર અરનો સમાવેશ કરેલ છે

રથના ચક્રમાં જેમ બધા આરા એક નાભિથી જોડાયેલ હોય છે તેમ અહીં નયરૂપી આરાનું નિરૂપણ કરી તેમાં સિદ્ધ કર્યું છે કે નય રૂપી અર સ્યાદવાદ રૂપી નાભિ સાથે જોડાયેલા રહે તોજ તે પ્રતિષ્ઠિત થઈ શકે. દરેક નય સ્યાદવાદ રૂપી નાભિનો આશ્રય લીધા વિના ટકી શકતા નથી

સ્યાદ્‌વાદ એ વાદ પરમેશ્વર છે "જેમ પરમેશ્વરનો આશ્રય લેવાથી સર્વ કલેશોનો અંત આવે છે તેમ વાદોમાં પરમેશ્વર એવા અનેકાન્તવાદ–સ્યાદ્‌વાદનો આશ્રય લેવાથી સર્વ વિગ્રહોનો અંત આવી જાય છે

મલ્લવાદી રચિત આ દ્વાદશાર નયચક્રમાં વિધિવાદ, અદ્વૈતવાદ દ્વૈતવાત, ઇશ્વરવાદ વગેરે કોઈ પણ વાદોનું સીધું ખંડન થયું નથી પણ ભિન્ન ભિન્ન નયોજ એકબીજાનું ખંડન કરે છે. અને ગ્રંથકારતો એક ન્યાયાધીસની જેમ તટસ્થ દૃષ્ટિથી જોયાજ કરે છે. જ્યારે પ્રસંગ આવે છે ત્યારે વાદપરમેશ્વર સ્યાદ્‌વાદનો આશ્રય લેવાનું સૂચન કરે છે જેથી તેમના વિગ્રહનો અંત આવી જાય. આ બધા નયો અને વાદો જો સ્યાદ્‌વાદનો આશ્રય લે તોજ તે સત્ય છે નહિતર તે અસત્ય છે.

ગ્રન્થકારશ્રીએ નયચક્ર ગ્રન્થમાં વેદ, સાંખ્ય, ન્યાય, વૈશિષિક, મીમાંસા અદ્વૈતવાદ અને બૌદ્ધ દર્શનના સિદ્ધાંતો વિશદ રીતે ચર્ચ્યા છે. આ ઉપરાંત તેમાં જૈન આગમગ્રન્થો તથા અન્ય જૈન ગ્રન્થમાંના આધાર પણ ઉધ્ધૃત કર્યા છે એ તેમની જૈન તેમજ જૈનતર દર્શનનો ઊંડો અભ્યાસ દર્શાવે છે.

આ નયચક્ર ગ્રન્થનું મૂળ હાલમાં લુપ્ત છે. કોઇ પણ જ્ઞાનભંડારોમાં એ પ્રાપ્ય નથી. પણ પૂ. જંબૂવિજયજીએ તેની ટીકા તથા તેમાં આવતા અનેક આધારો ઉપરથી મૂળ નયચક્ર તૈયાર કરેલ છે. તેમાંના ઘણા આધારો પણ લુપ્ત થયેલા છે પણ તેમાના કેટલાકનું ભાષાન્તર ટીબેટન ભાષામાં થયેલું છે તે ઘણો પુરુષાર્થ કરી મેળવી, ટીબેટન ભાષાનો અભ્યાસ કરી પૂ. મુનિ શ્રી જમ્બૂવિજયજી મ. સા.એ એ મૂળ ગ્રન્થ તૈયાર કરેલો છે તે તેમની અજોડ સિદ્ધિ છે. એ માટે તેમણે કરેલ પુરુષાર્થનો જોટો મળે તેમ નથી.

આ નયચક્ર ગ્રન્થની ટીકાના રચયિતા શ્રી સિંહસૂરિ છે. તેમણે પોતે રચેલી નયચક્ર ઉપરની ટીકાને '**ન્યાયાગમાનુસારિણી**' એવું નામ આપ્યું છે. આ ટીકામાં અનેક આગમ ગ્રન્થો તથા દાર્શનિક ગ્રન્થોના ઉલ્લેખો કરેલા છે તે ટીકાકારની ઊંડી તલસ્પર્શી વિદ્વત્તા દર્શાવે છે. તેમની ટીકાનું પ્રમાણ લગભગ ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ છે.

આવા આ ઉત્તમ ગ્રન્થ દ્વાદશાર નયચક્રમની ટીકા સહિત સુસંશોધિત આવૃત્તિના એક અને બે ભાગનું ઉદ્‌ઘાટન અગાઉ થઇ ગયું છે અને ત્રીજા ભાગનું ઉદ્‌ઘાટન તા. ૨૯–૧–'૮૮ના થતા તે ગ્રન્થનું સંપાદન, સંશોધનનું કાર્ય પૂર્ણ થશે.

✱



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • જૈનદર્શનમાં નય

○ લે. જીતેન્દ્ર જેટલી

જૈનદર્શનમાં કુલ સાત નયો દર્શાવવામાં આવ્યા છે. (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ તથા (૭) એવંભૂત. આ સાત નયો દર્શાવવાનું પ્રયોજન વિચારતાં પહેલા કિંવા આ સાત નયો શું છે એનો સંક્ષેપમાં વિચાર કરીએ એ પહેલાં નયનું સામાન્ય સ્વરૂપ અને એનું પ્રયોજન જાણવું જરૂરી છે.

નયના સ્વરૂપ વિશે વિચારતાં આચાર્ય ભદ્રબાહુ જણાવે છે કે—

सव्वेसिं पि णयाणं
बहुविह वत्तव्वयं णिसामित्ता ।
तं सव्वनयविसुद्धं,
जं चरणगुणाट्ठिओ साहू ।
आव. निर्युक्ति १०-८८

ચરણ ગુણસ્થિતિ એ પરમ મધ્યસ્થતાનું સ્વરૂપ છે. આ સ્થિતિએ રાગદ્વેષનો સંપૂર્ણ ક્ષય થયા પછી જ પહોંચાય છે. નયનો ઉદ્દેશ પણ મનુષ્યના ચિત્તમાં મધ્યસ્થતા વધે, મનુષ્ય વિશેષ કરીને બીજાના વિચાર ઉપર સરળતાથી વિચાર કરતો થાય તથા જુદા જુદા વિરોધી મંતવ્યો જણાતા હોય એનો પરસ્પર સમન્વય કેમ થાય અને એ વિશેની યોગ્યતાનો વિકાસ કેમ થાય એ છે.

સામાન્યપણે કોઇ પણ વ્યક્તિ હંમેશ માટે કોઇ પણ પદાર્થ વિશે એક જ દષ્ટિથી જોતી નથી હોતી. દેશ, કાળ અને પરિસ્થિતિના ફેરફાર મુજબ જોનારની દષ્ટિમાં પણ ફેરફાર થયા જ કરતા હોય છે. આ મુજબ એ પદાર્થનું નિરૂપણ કરે છે અને આ રીતે એના નિરૂપણમાં ફેરફાર પણ આપણે જોઇ શકીએ છીએ. જો જોનારનો વિચાર મૂળ પદાર્થની તરફ હશે તો એ પોતાના વિચારને એ રીતે જ પ્રગટ કરશે એનો વિચાર મૂળ પદાર્થના પર્યાય તરફનો હશે તો એ પોતાના વિચાર એ રીતે પ્રગટ કરશે. આવા સમયે સમજુ શ્રોતાની એ ફરજ બને છે કે બોલનાર શા ઇરાદાથી આ વાત કહે છે એ સમજવું. એ ન સમજાય અને શ્રોતા સાંભળનાર કેવળ પોતાની જ દષ્ટિનો અને વિચારનો આગ્રહ રાખે તો વિવાદ અને કલહ થાય છે. આમ ન થાય તે માટે સામાન્યપણે વક્તાનો ઇરાદો શું છે એ સમજી લેવું જરૂરી બને છે: વિવક્ષા કિંવા બોલનારના ઇરાદાના સામાન્ય રીતે પાંચ પ્રકાર ગણાવી શકાય.

(૧) દ્રવ્યની વિવક્ષા જેમ કે દૂધમાં મીઠાશ તથા સફેદ વગેરે રૂપ હોય છે.

(૨) પર્યાયની વિવક્ષા-મીઠાશ તથા એનું સફેદ રૂપ એ જ દૂધ છે.

(૩) કેવળ દ્રવ્યના અસ્તિત્વની વિવક્ષા-દૂધ છે.

(૪) કેવળ પર્યાયના અસ્તિત્વની વિવક્ષા-મીઠાશ છે. તથા રૂપ વગેરે છે.

(૫) ધર્મ સંબંધની વિવક્ષા-દૂધની મીઠાશ. દૂધનું રૂપ વગેરે.

આનું વર્ગીકરણ કરવાથી બે પ્રકારની દષ્ટિઓ બને છે: (૧) દ્રવ્યપ્રધાન દષ્ટિ કિંવા અભેદપ્રધાન દષ્ટિ. (૨) પર્યાયપ્રધાન કિંવા ભેદપ્રધાન દષ્ટિ. હવે નયનું સ્વરૂપ એ છે કે વ્યક્તિ પોતાના વિચારો કઇ દષ્ટિએ રજૂ કરે છે એ સમજવાનું છે.

નયનું સ્વરૂપ સંક્ષેપમાં આ પ્રમાણે છે

કહેવાની- અભિધેય વસ્તુ બે છે (૧) પદાર્થ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્રવ્ય તથા (૨) પદાર્થની કિંવા દ્રવ્યની જુદી જુદી અવસ્થાઓ. આ કહેવા માટેના અર્થાત વિચારો વ્યક્ત કરવાના સાધન પણ બે છે (૧) અર્થ તથા (૨) શબ્દ. આ અર્થના પ્રકાર પણ બે છે (૧) સામાન્ય તથા (૨) વિશેષ. વળી શબ્દની પ્રવૃત્તિના કારણો પણ બે છે (૧) રૂઢિ તથા (૨) વ્યુત્પત્તિ. વ્યુત્પત્તિ અનુસાર પ્રયોગના કારણ પણ બે છે. (૧) સામાન્ય નિમિત્ત તથા (૨) તત્કાલભાવિ નિમિત્ત. આ બધાનો સમગ્રપણે વિચાર કરતાં સાત નયોનું સંક્ષિપ્તરૂપ આ પ્રમાણે થાય.

(૧) **નૈગમ નય :** સામાન્ય તથા વિશેષના સંયુક્તરૂપનું નિરૂપણ એ નૈગમ નય છે.

(૨) **સંગ્રહ નય :** કેટલાક સામાન્યનું નિરૂપણ એ સંગ્રહ નય છે. કારણ કે સામાન્ય દ્વારા બધા પદાર્થોનો સંગ્રહ થઈ જાય છે.

(૩) **વ્યવહાર નય :** કેવળ વિશેષનું નિરૂપણ એ વ્યવહારનય છે. કારણ કે વ્યવહારમાં વ્યક્તિ યા, નિરૂપણ મુખ્ય હોય છે અને વ્યવહાર એ રીતે જ ચાલતો હોય છે.

(૪) **ઋજુસૂત્ર નય :** પદાર્થમાં રહેલ ક્ષણ સામાન્ય અને વિશેષનું નિરૂપણ એ ઋજુસૂત્ર નય છે કારણ કે એ સમજવામાં ઋજુસૂત્ર કિંવા સરળતા છે.

(૫) **શબ્દ :** વ્યવહારમાં તે તે પદાર્થ માટે રૂઢ થઈ ગએલ શબ્દો દ્વારા પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવો એ શબ્દ નય છે.

(૬) **સમભિરૂઢ :** વ્યુત્પત્તિ દ્વારા થનાર શબ્દ દ્વારા અભિપ્રાય વ્યક્ત કરવાની રીત એ સમભિરૂઢ નય છે.

(૭) **એવંભૂત :** વર્તમાન કિંવા તત્કાળ વ્યુત્પત્તિ અનુસાર શબ્દ વાપરી અભિપ્રાય કરવાની રીતને એવંભૂત નય કહેવામાં આવે છે.

આમ આપણે સંક્ષેપમાં જોઈશું તો આ સાતે નયોમાં શાબ્દિક તથા આર્થિક, વાસ્તવિક તેમ જ વ્યાવહારિક, દ્રવ્ય સંબંધી તથા પર્યાય સંબંધી બધાએ પ્રકારના વ્યક્ત થતા અભિપ્રાયો સંગ્રહીત થઈ જાય છે. એટલે નયો સમજવા અને એ મુજબ બોલનારનો અભિપ્રાય સમજવો એ મુખ્ય બાબત બની રહે છે.

તાદાત્મ્યની અપેક્ષાએ સામાન્ય અને વિશેષની ભિન્નતાનું સમર્થન કરવામાં આવે છે. આ દૃષ્ટિ નૈગમનય છે. આ ઉભયગ્રાહિણી દૃષ્ટિ છે સામાન્ય તથા વિશેષ બન્ને એના વિષય છે આનાથી સામાન્ય વિશેષાત્મક વસ્તુના એક દેશનું જ્ઞાન થાય છે. કણાદ તથા ગૌતમ બન્ને સામાન્ય તથા વિશેષને સામાન્ય પદાર્થ તરીકે સ્વીકારે છે. જૈનો આ દૃષ્ટિનો સ્વીકાર કરતા નથી કારણ કે અનુભવમાં ક્યાંય પણ સામાન્ય રહિત વિશેષ કે વિશેષ રહિત શુદ્ધ સામાન્યની પ્રતીતિ થતી નથી. વસ્તુક; આ બન્ને પદાર્થોના ધર્મ છે, સ્વતંત્ર પદાર્થ નથી. એક પદાર્થની બીજા પદાર્થના દેશ તથા કાળમાં અનુંવૃત્તિ થવી એ પદાર્થનો સામાન્ય અંશ છે. તથા એક પદાર્થનું બીજા પદાર્થથી પાર્થક્ય એ એનો વિશેષ અંશ છે. કેવળ અનુવૃત્તિરૂપ કે કેવળ વ્યાવૃત્તિરૂપ કોઈ પદાર્થ હોતો નથી. જે પદાર્થની જે સમયે અન્ય પદાર્થમાં અનુવૃત્તિ હોય છે એ સમયે એ પદાર્થની અન્યપદાર્થ સાથે વ્યાવૃત્તિ પણ હોય છે.

હવે આ સામાન્ય વિશેષાત્મક પદાર્થનું જ્ઞાન પ્રમાણથી થાય છે. પ્રમાણનો વિષય અખંડ વસ્તુ છે, વસ્તુનો એક અંશ કે અમુક અંશો નહિ. નયનો વિષય વસ્તુનો એક યા એકથી વધારે અંશ હોય છે, બધા અંશો નહિ. માટે જ નય એ પ્રમાણ નથી. આ રીતે નૈગમનય જ્ઞાનના અનેક માર્ગો સાથે સંકળાએલ હોવા છતાં અને વસ્તુના એક કરતાં વધારે અંશોનું જ્ઞાન કરાવતા હોવા છતાં પ્રમાણ નથી. નૈગમનયમાં જ્યાં સામાન્ય મુખ્ય હશે ત્યાં વિશેષ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગૌણ રહેશે તથા જયાં વિશેષ મુખ્ય રહેશે ત્યાં સામાન્ય ગૌણ રહેશે. જ્યારે વસ્તુના અખંડ જ્ઞાનમાં બધા જ અંશો એકી સાથે મુખ્ય ભાવ ધરાવશે.

સંગ્રહનય કેવળ સામાન્ય અંશનું જ ગ્રહણ કરે છે જયારે વ્યવહાર નય માત્ર વિશેષ અંશનું. નૈગમનય જ બન્ને અંશોનું ગ્રહણ કરે છે. નૈગમનય અનુસાર દ્રવ્ય તથા પર્યાયની સમાન સ્થિતિમાં એકી સાથે ગ્રહણ થતું નથી. પ્રમાણની દૃષ્ટિએ દ્રવ્ય તથા પર્યાયમાં કથંચિત ભેદ તથા કથંચિત અભેદ છે. અભેદ પ્રમાણ ભેદાભેદનું એકી સાથે ગ્રહણ કરે છે નૈગમનય નહિ. નૈગમનયમાં જ્યારે અભેદનું ગ્રહણ થાય ત્યારે ભેદ ગૌણ બને છે અને ભેદનું ગ્રહણ થાય ત્યારે અભેદ ગૌણ થઈ જાય છે.

નૈગમના ત્રણ ભેદ છે. (૧) દ્રવ્ય નૈગમ, (૨) પર્યાય નૈગમ તથા (૩) દ્રવ્ય પર્યાય નૈગમ, એમના કાર્યનો ક્રમ આ પ્રમાણે છે. (૧) બે વસ્તુઓનું ગ્રહણ. (૨) બે અવસ્થાઓનું ગ્રહણ તથા (૩) એક વસ્તુ અને એક અવસ્થાનું ગ્રહણ.

એક રીતે કહીએ તો નૈગમનય એ જૈન દર્શનના અનેકાન્તવાદનું પ્રતીક છે. જૈન દર્શન અનુસાર નાનાત્વ તથા એકત્વ બન્ને સત્ય છે. એકત્વ નિરપેક્ષ નાનાત્વ તથા નાનાત્વ નિરપેક્ષ એકત્વ આ બન્ને મિથ્યા છે. એકત્વ એ એક સાપેક્ષિક સત્ય છે જેમકે ગોત્વની દૃષ્ટિએ બધી ગાયોમાં એકત્વ છેઃ પરંતુ ગો વ્યક્તિની અપેક્ષાએ ગાયોમાં નાનાત્વ પણ છે. આમ ઉપર સામાન્ય એનું વિશેષ જેમાં એકત્વ તથા નાનાત્વ સાપેક્ષ છે એમ સ્પષ્ટ જણાઈ આવશે. આ સાપેક્ષ દૃષ્ટિ એ નૈગમનય છે.

**સંગ્રહ તથા વ્યવહાર નય :**

અભેદ તથા ભેદમાં સ્વરૂપ સંબંધ કિંવા તાદાત્મ્ય સંબંધ છે. સંબંધ એનો જ હોય શકે. કેવળ ભેદ કે અભેદમાં કોઈ સંબંધ ન હોઇ શકે. હવે અભેદનું (૧) શુદ્ધરૂપ સત્તારૂપ સામાન્ય કિંવા મહાસત્તા-નિર્વિકલ્પ મહાસત્તા છે. (૨) એનું અશુદ્ધરૂપ અવાંતર સામાન્ય કિંવા બરાબર સામાન્ય એટલે કે સામાન્ય વિશેષોભયાત્મક સામાન્ય છે. એજ રીતે ભેદનું શુદ્ધ રૂપ (૧) અનન્ય સ્વરૂપ-વ્યાવૃત્તિ તથા (૨) અશુદ્ધરૂપ અવાંતર વિશેષ છે. આમ સંગ્રહનય સમન્વયની દૃષ્ટિથી જુએ છે જ્યારે વ્યવહારનય વિભાજનની દૃષ્ટિથી. સંગ્રહ દૃષ્ટિ સમાવેશમૂલક હોઇ ધીરે ધીરે એકતા તરફ લઇ જાય છે જ્યારે વ્યવહાર દૃષ્ટિ ભેદમૂલક હોઇ ધીરે ધીરે વસ્તુની અનન્તતા તરફ લઇ જાય છે.

હવે જો બધી વસ્તુઓ સંપૂર્ણ ભિન્ન જ હોત તો સંગ્રહ નયની વાત ત્રુટિપૂર્ણ ગણાત અને બધી વસ્તુઓમાં સંપૂર્ણ એકતા જ હોય તો સંગ્રહનયની વાત અપૂર્ણ રહેત. પરંતુ બધા પદાર્થો નથી સર્વથા ભિન્ન કે નથી સર્વથા અભિન્ન એટલે આ બે દૃષ્ટિમાંથી કોઈ પણ એકનો આત્યન્તિક સ્વીકાર થઈ શકે નહિ.

વ્યવહાર નય સામાન્ય રીતે ઉપચાર બહુલ તથા લૌકિક પણ હોય છે. જેમ કે 'પર્વત બળે છે' એમાં પર્વત બળતો નથી પણ પર્વતવાળા ભાગના મોટા પ્રદેશમાં આગ લાગી છે. 'રસ્તો જાય છે' આમાં નિરન્તરતાની પ્રતીતિ એક પ્રયોજન છે.

**ઋજુસૂત્ર :**

આ વર્તમાનપરક દૃષ્ટિ છે. આ દૃષ્ટિ ભૂત તથા ભવિષ્યની વાસ્તવિક સત્તાનો સ્વીકાર કરતી નથી. આ દૃષ્ટિએ ભૂત એ નષ્ટ થઈ ચુકેલ છે જ્યારે ભવિષ્યનો આરંભ જ નથી થયો. એ રીતે ભૂતકાલીન કે ભવિષ્યકાલીન વસ્તુ પોતાનું કામ કરવામાં સમર્થ ન હોઇ પ્રમાણનો વિષય બની શકતી નથી. પોતાનું કરવામાં સમર્થ એ માત્ર વર્તમાનકાલીન વસ્તુ છે આ નય અનુસાર ક્રિયાકાલ તથા નિષ્ઠાકાલનો આધાર એક કાલ ન થઈ શકે. સાધ્ય અવસ્થા તથા સાધનાવસ્થાનો કાલ ભિન્ન હોય જુદા જુદા કામનું આધારભૂત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્રવ્ય સ્વયંભિન્ન થશે એ અવસ્થાઓનો પણ સમન્વય ન થઈ શકે આમ આ દષ્ટિ પૌર્વાપર્ય, કાર્ય કારણ આદિ અવસ્થાઓના અસ્તિત્વની સમર્થક છે.

**શબ્દ નય :**

શબ્દ નય જુદાં જુદાં લિંગ, વચન વગેરેથી યુક્ત શબ્દોનો જુદો જુદો અર્થ સ્વીકારે છે. આ દૃષ્ટિ શબ્દ રૂપ તથા એના અંગોની નિયામક છે. વ્યાકરણની લિંગ વચન વગેરેની અનિયમિતતાને આ પ્રમાણ નથી માનતી. એટલે કે પુલ્લિંગનો વાચ્ય અર્થ સ્ત્રીલિંગને વાચ્ય ન બની શકે. પ્રત્યેક શબ્દનો પોતાનો અર્થ જુદો જુદો હોય છે. જેમકે નદી એટલે નદી અને નદ એટલે સમુદ્ર જેવી વિશાળ નદી. આ જ રીતે વચન વગેરેમાં સમજવું. આ દૃષ્ટિ પ્રત્યેક શબ્દ પ્રયોગની પાછળ એનો ઈતિહાસ જાણવામાં અત્યંત સહાયક છે. આમ છતાં આ અમુક અંશનું જ્ઞાન કરાવતી હોઈ સંપૂર્ણ પ્રમાણ નથી.

**સમભિરૂઢ નય :**

એક પદાર્થનું બીજા પદાર્થમાં સંક્રમણ થતું નથી. એટલે કે પ્રત્યેક વસ્તુ પોતાનાં સ્વરૂપમાં રહેલી છે જેમકે આપણે ભૂપ અને નૃપના અર્થ એક જ કરીએ છીએ પણ સમભિરૂઢ દૃષ્ટિ આમાં ના પાડે છે. ભૂપ એટલે જમીનનો પાલક અને નૃપ એટલે માણસનો પાલક, આમ સમભિરૂઢ દૃષ્ટિ સામાન્યતઃ અર્થવાળી દૃષ્ટિનો સ્વીકાર કરતી નથી. આ દૃષ્ટિ પર્યાય જેવા જણાતા શબ્દોનો પણ સાચો મૂળ અર્થ જાણવામાં અત્યંત સહાયક છે. છતાં એ વસ્તુના એકાંશને જણાવતી હોઇ સંપૂર્ણ પ્રમાણ નથી.

**એવંભૂત :**

સમભિરૂઢમાં આમ એક પ્રકારની સ્થિરતા છે. એ ભૂતકાળની તથા ભવિષ્યની વસ્તુ વિશે પણ શબ્દ પ્રયોગ કરી શકે છે. એવંભૂત એનો સ્વીકાર કરતી નથી. આ નયની દૃષ્ટિએ ઘડો ત્યારે જ ઘડો કહેવાય જ્યારે એનાથી પાણી લઈ જવાતું હોય. પહેલાં જેનાથી પાણી લઇ જવાયું હોય એવા ભૂતકાલીન ઘટને કે ઉત્પન્ન થએલ ઘટ કે જેનાથી ભવિષ્યમાં પાણી લઈ જવાનું એને ઘટ નહિ કહી શકાય. આમ તાત્કાલિક ક્રિયાયોગ સૂચવતી આ દૃષ્ટિ પણ ઉપયોગી છે. આ રીતે આ બધા નયોનો ઉપયોગ હોવા છતાં તેઓ સર્વાંગી ન હોઇ પ્રમાણ નથી. પરંતુ નયનો સ્વીકાર એ જૈન દર્શનની અનેકાન્તિક્તા પ્રત્યેની દૃષ્ટિએ સ્પષ્ટ હોઈ એમાં પરદર્શન પ્રત્યેની દાર્શનિક સહિષ્ણુતા રહેલી છે. અનેકાન્તવાદનું રહસ્ય પણ આ નયોના સ્વીકારવામાં રહેલું છે.

# શુભેચ્છા સહ અભિનંદન

**કુ. કલ્પનાબેન કાન્તિલાલ સલોત** બરોડાની એમ. એસ. યુનિ. માં 'આર્કિટેકટ' પરીક્ષામાં સારા ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયેલ છે તેમની ઉજ્જવળ પ્રગતિની શુભેચ્છા સાથે હાર્દિક અભિનંદન.

*

શ્રી રમેશભાઈ ટી. પારેખ (ટી. સી. બ્રધર્સવાળા) સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ તરીકે ૧૯૮૮ની સાલ માટે ચુંટાઈ આવ્યા છે. તેમને હાર્દિક અભિનંદન. તેઓશ્રી શ્રી જૈન સોશ્યલ ગ્રુપમાં સારો રસ લઇ જૈન સમાજોપયોગી પ્રવૃત્તિ પણ કરી રહ્યા છે. તેઓ વધુને વધુ સાધર્મિક પ્રવૃત્તિઓમાં રસ લે અને પ્રગતિ કરે એવી શુભેચ્છા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દિક્ષા મહોત્સવ–ગ્રન્થ પ્રકાશન મહોત્સવ અંગે

## પાલીતાણામાં

## 卐 ધાર્મિક કાર્યક્રમ 卐

મહા સુદિ ૬ દીક્ષા ઉત્સવનો પ્રારંભ

,, ૭ ઉપર દાદાના દરબારમાં કુંભ સ્થાપના નવગ્રહ પૂજન વગેરે.

,, ૮ ઉપર દાદાના દરબારમાં શાંતિસ્નાત્ર ૮ થી ૧૨

,, ૮ પરમ પૂ.મ.સા. શ્રી ભુવનવિજયજી મ.ના શિષ્ય પરમપૂ. શ્રી જમ્બૂવિજયજી સંપાદિત 'દ્વાદશાર નયચક્રમ્' ગ્રન્થનો પ્રકાશન ઉદ્ઘાટન સમારંભ (તા. ૨૬–૧–૮૮) બપોરે ૩ વાગે.

સ્થળ : શ્રી વિસા નિમા જૈન ધર્મશાળા બપોરે ૩ વાગે.

મહા સુદિ ૯ દિકકુમારિકા મહોત્સવ ૧૨ થી ૫

,, ૧૦ દીક્ષા સવારે નવ વાગે.

દીક્ષાર્થી શ્રી પ્રકાશભાઇ બાબુલાલ (કુંભણવાળા)

**ઉપરના માંગલિક પ્રસંગોએ જૈન આત્માનંદ સભાના સર્વે મેમ્બર સાહેબને લાભ લેવા વિનંતી છે.**

## વિદાય સ્વાગત

**શ્રી** સોમચંદ ડી. શાહે શ્રી 'સુઘોષા' માસિકનું ૨૬ વર્ષ સુધી એકધારૂં સંચાલન કરી વયોવૃદ્ધતા આદિ કારણે તે જવાબદારીમાંથી મુક્ત થયા છે. તેઓ આરોગ્યમય દીર્ઘાયુષ્ય ભોગવે અને 'સુઘોષા' માસિકના સંચાલનમાં તેમના પુત્રને માર્ગદર્શન આપતા રહે એવી શુભેચ્છા.

'સુઘોષા' માષિકના સંચાલનની જવાબદારી સ્વીકારનાર શ્રી અશ્વિનભાઈને તેમના કાર્યમાં સફળતા ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. No. G. BV. 31



હે પ્રભુ,

સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું
તે મને શીખવ.

બધી બાબતો અવળી પડતી હોય ત્યારે હાસ્ય આનંદ
કેમ ન ગુમાવવા તે મને શીખવ.

પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે એવી હોય ત્યારે
શાન્તિ કેમ રાખવી તે મને શીખવ.

કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે ખંતથી
તેમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ.

કઠોર ટીકાને નિંદાનો વરસાદ વરસે ત્યારે તેમાંથી મારા
ખપનું ગ્રહણ કેમ કરી લેવું તે મને શીખવ.

પ્રલોભનો, પ્રશંસા, ખુશામતની વચ્ચે તટસ્થ કેમ
રહેવું તે મને શીખવ.

ચારે બાજુએથી મુશ્કેલીઓ ઘેરી વળે
શ્રદ્ધા ડગુમગુ થઈ જાય
નિરાશાની ગર્તામાં મન ડૂબી જાય
ત્યારે ધૈર્ય અને શાંતિથી કૃપાની
પ્રતીક્ષા કેમ કરવી તે મને શીખવ.

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only